FRIDAY
૦૫-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ વદ ૦૮
અંક : ૧૦૩
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

# સૌરાષ્ટ્રની ૩ મહાપાલિકાના ભાજપ દ્વારા ૧૮૮ ઉમેદવાર જાહેર

## રાજકોટમાં ૭૨, જામનગરનાં ૬૪ અને ભાવનગરના ૫૨ નામ જાહેર કરાયા : રાજકોટમાં ૨૨ નવા ચહેરા તથા ૧૨ને પુનઃ પસંદગી

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી બે તબક્કામાં જાહેર થયા બાદ આજે ભાજપ દ્વારા રાજ્યની ૮ પૈકી ૬ મહાપાલિકાનાં ૫૭૪ તેમજ જૂનાગઢ મહાપાલિકાના બે વોર્ડ નં. ૨ બેઠક મળી કુલ ૫૭૬ બેઠકનાં ઉમેદવારો ત્રણ દિવસની કવાયતના અંતે જાહેર કરેલ છે. જેમાં રાજકોટનાં ૧૮ વોર્ડનાં ૭૨ ઉમેદવારો, જામનગરનાં ૧૬ વોર્ડ માટે ૬૪ અને ભાવનગરનાં ૧૩ વોર્ડનાં ૫૨ ઉમેદવારો ઉપરાંત જૂનાગઢ મહાપાલિકાના વોર્ડ નં.૬ તથા ૧૫ની એક એક બેઠકની પેટા ચૂંટણી માટેનાં ઉમેદવારના નામની પ્રદેશ ભાજપ કાર્યાલય દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવેલ છે. આજે જાહેર કરાયેલ યાદીમાં પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં નિશ્ચિત કરાયેલ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાનો મોટા ભાગે અમલ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. ચૂંટણી પસંદગી સમિતિએ જૂના કપાય અને નવા ચહેરાને સમાવવા જતાં પક્ષનાં આગેવાનો-કાર્યકરોમાં બળવાનો ભડકો ન સર્જાય તેવી વિશેષ તકેદારી રાખવામાં આવેલ છે.

**જામનગરમાં ૧૮ ને ફરી ટીકીટ, ૩૦ નવા, ભાવનગરમાં ૧૧ને પુનઃ પસંદગી ૪૧ નવા ચહેરાને તક**




રાજ્યની ૮ પૈકી ૬ મહાપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાવામાં ફકત એક પખવાડીયા તો સમય બાકી રહ્યો છે ત્યારે રાજકીય પક્ષોએ પોતાનાં ઉમેદવારોની યાદી જાહેર કરવાનું ચાલુ રાખેલ છે. ભાજપ દ્વારા આજે મહાપાલિકાનાં કુલ ૫૭૬ ઉમેદવારો જાહેર કરેલ છે જેમાં રાજકોટના ૭૨, જામનગરનાં ૬૪ તથ ભાવનગરનાં ૫૨ ઉપરાંત જૂનાગઢ મનપાની બે બેઠકોની પેટા ચૂંટણીનાં ઉમેદવારના નામ જાહેર કરેલ છે. ભાજપનાં ઉમેદવારો વિજય મુહૂર્તમાં બપોરે ૧૨-૩૯ કલાકે આવતી કાલે પોતાનાં ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરશે.

સૌરાષ્ટ્રની ચાર મહાનગર પાલિકા પૈકી જૂનાગઢ સિવાય રાજકોટ, જામનગર અને ભાવનગરમાં સામાન્ય ચૂંટણી યોજાનાર છે. અગાઉ પાંચ વર્ષ પહેલા થયેલ ચૂંટણીમાં રાજકોટ મહાપાલિકામાં ૭૨ બેઠકોમાંથી ભાજપને ૩૮ તથા કોંગ્રેસ પાસે ૩૪ બેઠકો હતી છેલ્લે કોંગ્રેસની ૨ બેઠક ભાજપે કબ્જે કરેલ હતી.

**જૂનાગઢની બે બેઠકની પેટા ચૂંટણીનાં ઉમેદવારો પણ જાહેર કરાયા**

જામનગર મહાનગરપાલિકામાં પાંચ વર્ષ પહેલા ૧૬ વોર્ડનં ૬૪ બેઠક પૈકી ભાજપે ૩૮ બેઠક કબ્જે કરેલ ત્યાર બાદ ૧૦ બેઠકો પર વધુ કબ્જો જમાવેલ જેથી ભાજપ પાસે ૪૮ બેઠકો હતી.

આજે ભાજપ દ્વારા જાહેર કરાયેલ ઉમેદવારોની યાદીમાં રાજકોટનાં ૨૭ કોર્પોરેટર કપાયા છે તો ૧૨ને રિપીટ કરાયેલ છે અને ૨૨ નવા ચહેરાને સ્થાન અપાયું છે.

જામનગર મહાપાલિકામાં ૬૪ ઉમેદવારો જાહેર થતાં ભાજપ દ્વારા ૧૮ ને રિપીટ કરાયા તેમજ પાંચ સભ્યોનાં પરિવારજનને પસંદ કરાયેલ છે આમ એકંદરે ૪૮ સભ્યોની બહુમિત ધરાવતા ભાજપે એકંદરે ૩૦ નવા સભ્યોની પસંદગી કરેલ છે. જામનગરમાં ભાજપના બે બળીયાના જૂથમાં અગાઉ જેનું વર્ચસ્વ હતું તે વર્ચસ્વમાં ઘટાડો થયેલ છે.

### જૂનાગઢ મહાપાલિકાની પેટા ચૂંટણીનાં બન્ને ઉમેદવાર જાહેર

જૂનાગઢ મહાપાલિકાનાં વોર્ડ નં. ૬ તથા ૧૫નાં બે કોર્પોરેટરનાં માંદગી સબબ મૃત્યુ થતાં તેની પેટા ચૂંટણીના ઉમેદવારોના નામ પણ આજે જાહેર કરાયેલ છે. જૂનાગઢ મહાપાલિકાના ૧૫ વોર્ડનાં ૬૦ સભ્યોની મહાપાલિકામાં ભાજપ પાસે ૫૫, એન.સી.પી. પાસે ૪ અને એક અપક્ષ સભ્યનો સમાવેશ થતો હતો. પરંતુ ભાજપનાં બે સભ્યો રાજુ નંદવાી તથા ડાયાભાઈ કટારાના નિધન બાદ ખાલી પડે બેઠક માટે વોર્ડ નં.-૬માં અરવિંદ રામાણી તથા વોર્ડ નં.૧૫માં નાગજી કટારા (સ્વ. ડાયભાઈનાં પુત્ર)ની પસંદગી જાહેર કારયેલ છે. બે બેઠકની પેટા ચૂંટણી બાદ પણ મહાપાલિકાની ૬૦ બેઠકનો આંકડો પુરો નહીં થાય. તાજેતરમાં એકાદ માસ પહેલા એક કોર્પોરેટરનું નિધન થતા ચૂંટણી બાદ ૫૯ બેઠક થશે.

## ભાજપની યાદીમાં નવા માપદંડનું કેટલું પાલન કરવામાં આવ્યું?

ચક્રવાત ટીમ, તા.૦૪

પ્રદેશ ભાજપ પ્રમુખ ચન્દ્રકાન્ત પાટીલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસે ૩ દિવસ યોજાયેલ પાર્લામેન્ટ્રી બેઠકમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં કેટલાક નવા માપદંડો નિશ્ચિત કરાયા હતા. પરંતુ ૬ મહાપાલિકા તથા જૂનાગઢની પેટા ચૂંટણીનાં ઉમેદવારોની જે યાદી ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલ છે તેમં નિશ્ચિત કરાયેલ માપદંડોનું પૂર્ણ પાલન કરાયેલ નથી. આજે જાહેર કરાયેલ યાદીમાં સંગઠનનાં હોદેદાર ઉપરાંત પરિવારવાદની થોડી ઝલક જોવા મળેલ છે. જામનગર તથા રાજકોટની યાદીમાં નવા ચહેરાઓ પસંદ કરાયેલ છે. તેમાં ૮ જેટલા નામોમાં પરિવારવાદનાં દર્શન થઈ રહ્યા છે. તો બીજી તરફ દાવેદાર હોવા છતાં પસંદગી ન પામનાર આગેવાનોમાં અંદરોઅંદર કચવાટ-ગણગણાટ શરૂ થયેલ છે.

રાજકોટમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે ઉગ્ર બનેલા પક્ષનાં આગેવાનોની ઉપસ્થિતીમાં બંડ પોકારતા અનિલ જોષી તથા નરેન્દ્ર રાઠોડને પક્ષ વિરોધી પ્રવૃત્તિ આચરવા (શિસ્તભંગ) બદલ પક્ષમાંથી હાંકી કઢાયાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## અમેરિકી સરકાર દ્વારા કૃષિ કાયદા અને ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરાયું

### અમે શાંતિપૂર્ણ વિરોધની સાથે છીએ : અમેરિકા

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૪

મોદી સરકારના નવા કૃષિ કાયદાઓનાં વિરોધમાં ભારતમાં સડકથી સંસદ સુધી સંઘર્ષ ચાલી રહ્યો છે. આ દરમિયાન અમેરિકાએ કૃષિ કાયદાઓને લઈને ભારતને સમર્થન આપ્યું છે. બાઈડેન શાસને કહ્યું હતું કે તે મોદી સરકારના આ કદમનું સ્વાગત કરે છે. આનાથી દુનિયામાં ભારતીય બજારનો પ્રભાવ વધશે અને ખાનગી ક્ષેત્રમાં વધુ રોકાણને આકર્ષિત કરશે.




આ સાથે અમેરિકા એ પણ સ્વીકાર્યુ કે કૃષિ કાયદાઓ પર શાંતિપૂર્ણ વિરોધ એક સંપન્ન લોકતંત્રનું ઉદાહરણ છે. નવા કૃષિ કાયદાઓનાં વિરોધમાં ભારતમાં ચાલતા ખેડૂત આંદોલન પર પ્રતિક્રિયા આપતા અમેરિકન વિદેશ વિભાગના એક પ્રવક્તાએ કહ્યું હતું કે બાઈડેન સરકાર કૃષિ ક્ષેત્રમાં સુધારા માટે ભારત સરકારના કદમનું સમર્થન કરે છે, જે ખેડૂતો માટે ખાનગી રોકાણ અને વધુ બજાર પહોંચને આકર્ષિત કરે છે. અમેરિકન વિદેશ મંત્રાલયે આગળ કહ્યું કે સામાન્ય રીતે અમેરિકા એવા કદમોનું સ્વાગત કરે છે, જે ભારતીય બજારોની દક્ષતામાં સુધારો કરશે અને ખાનગી ક્ષેત્રના રોકાણને આકર્ષિત કરશે. કૃષિ કાયદાઓ વિરુદ્ધ દિલ્હીની સરહદો પર ગત ૨૬ નવેમ્બરથી ખેડૂતો દેખાવો કરી રહ્યા છે. જ્યારે ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન દિલ્હીમાં હિંસા પણ થઈ હતી. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, અમારૂં માનવું છે કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કોઈપણ સંપન્ન લોકતંત્રની ઓળખ છે અને ભારતની સુપ્રીમ કોર્ટે પણ આ જ કહ્યું છે.

## રાંધણ ગેસના બાટલામાં વધુ રૂા. ૨૫નો કમ્મરતોડ વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

ઘણા દિવસ સુધી કિંમત સ્થિર રહ્યાં બાદ ઓઈલ કંપનીઝ દ્વારા પેટ્રોલ અને ડિઝલમાં કિંમતોમાં ફરી વધારો ઝીંકવામાં આવ્યો છે. પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં ૩૫-૩૫ પૈસા પ્રતિ લીટરનો વધારો કરાયો છે. દિલ્હીમાં પેટ્રોલ ૮૬.૬૫ રૂપિયા લીટર થઈ ગયો છે. આ સાથે જ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨૫ રૂપિયાનો વધારો કરાયો છે. બજેટમાં પેટ્રોલ અને ડિઝલ પર કૃષિ સેસ લગાવવામાં આવ્યો છે, જોકે સરકારે સ્પષ્ટતા કરી હતી કે, તેની અસર લોકો પર થશે નહીં. ઈન્ડિયન ઓઈલના ગ્રાહકોએ ૧૪ કિ.ગ્રા.ના નૉન સબસિડી ઘરેલુ ગેસ સિલિન્ડર માટે વધારે કિંમત ચૂકવવી પડશે. એલપીજી સિલિન્ડરની કિંમત ૨૫ રૂપિયા વધારવામાં આવી છે. જેથી દિલ્હીમાં ૭૧૯ રૂપિયા પ્રતિ સિલિન્ડર, મુંબઈમાં ૭૧૦ અને ચેન્નાઈમાં ૭૩૫ રૂપિયા થશે. ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલ સતત મજબૂત થઈ રહ્યું છે, પરંતુ ભારતીય બાસ્કેટમાં જે ક્રૂડ ઓઈલ આવે છે તેની પર ઈન્ટરનેશનલ કિંમતોની અસર ૨૦-૨૫ દિવસ બાદ જોવા મળે છે. મુંબઈમાં પેટ્રોલ ૯૩.૨૦ રૂપિયા અને ડિઝલ ૮૩.૬૭ રૂપિયા લીટર, ચેન્નાઈમાં પેટ્રોલ ૮૯.૧૩ અને ડિઝલ ૮૨.૦૪ રૂપિયાએ પહોંચ્યું. ચેન્નાઈમાં પેટ્રોલ ૮૯.૧૩ રૂપિયા અને ડિઝલ ૮૨.૦૪ રૂપિયા તથા કોલકાતામાં પેટ્રોલ ૮૮.૦૧ રૂપિયા અને ડિઝલ ૮૦.૪૧ રૂપિયા થઈ ગયું છે.




## ગાઝીપુર બોર્ડર પર ખેડૂતોએ કરેલ દબાણ દૂર કરવા પોલીસની ચીમકી

(જી.એન.એસ.)ગાઝીપુર બોર્ડર,તા.૪

દિલ્હી પોલીસે ખીલ્લીઓ અને કાંટાળી તારને અમુક અંશે હટાવવાનું શરૂ કર્યું છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે, આ ખિલ્લીઓ અને કાંટાળી તારને નવેસરથી લગાવવામાં આવશે. પરંતુ એ વાત સ્પષ્ટ નથી કે, ગાઝીપુર બોર્ડર પર સુરક્ષા વ્યવસ્થા ઘટાડવામાં આવશે કે નહીં. ખીલા હટાવવાનું કામ એ સમયે શરૂ થયું જયારે વિપક્ષના ૧૫ સાંસદ ગાઝીપુર બોર્ડર પર પહોંચ્યા હતા. એક તરફ સાંસદોને બેરિકેડિંગની બીજી સાઈડ એટલે કે દિલ્હી તરફ રોકી લીધા હતા. તો બીજી તરફ એટલે કે ગાઝીપુર સાઈડ આ લોખંડના ખીલા ઉખાડવાનું કામ શરૂ કરવામાં આવ્યું. માત્ર એક જ કર્મચારી બધાને હટાવી



રહ્યો હતો અને જયારે તેની સાથે મીડિયાએ વાત કરી તો તેને જણાવ્યું, હું દુકાનેથી આવ્યો છે અને મને આ ખીલા ઉખાડવા માટે કહેવામાં આવ્યું છે. પરંતુ મને નથી ખબર કે કોના આદેશથી આ ખીલા હટાવવામાં આવી રહ્યા છે.

દિલ્હી પોલીસના સૂત્રોએ જણાવ્યું કે અમે ગાઝીપુર બોર્ડર પરથી ખીલાઓ હટાવી નથી રહ્યા પરંતુ તેને રી-પોઝિશન કરી રહ્યા છીએ. કેટલાંક સ્થળો પર પબ્લિકની અવરજવર છે તેમને તકલીફના પડે તે માટે ખીલાઓને રી-પોઝિશન કરવામાં આવી રહ્યા છે. તો, ગાઝીપુર બોર્ડર પર હાજર એક પોલીસ કર્મીએ જણાવ્યું છે કે હાલ તો ખીલાઓ ઉખાડવામાં આવી રહ્યા છે. એ નથી ખબર કે ક્યારે અને કેવી રીતે ફરીથી ખીલા લગાવવામાં આવશે.

## જમ્મુ કાશ્મીરના રાજૌરીમાં પાક. દ્વારા ફાયરિંગ : એક જવાન શહીદ

(જી.એન.એસ.)શ્રીનગર,તા.૪

પાકિસ્તાની સેનાએ બુધવારે લાઈન ઓફ કંટ્રોલ પર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યુ. જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં કરાયેલા ફાયરિંગમાં સેનાનો એક જવાન શહીદ થયાના અહેવાલો છે. અધિકારીઓનાં હવાલાથી ન્યુઝ એજન્સીએ બુધવારે મોડી રાત્રે આ અંગે જાણકારી આપી હતી. સેના સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાને રાજૌરી જિલ્લાના સુંદરબની સેક્ટરમાં મોર્ટારથી હુમલા કરવાની સાથે ફાયરિંગ કર્યુ હતું. તેમાં એક સિપાહી લક્ષ્મણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેનું ત્યારબાદ મૃત્યુ થયું હતું. પાકિસ્તાન સતત LoC પર સીઝફાયર તોડી રહ્યું છે.

## ૧ માર્ચથી બીઓબીના કરોડો ગ્રાહકોની મુશ્કેલીમાં વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

જો તમારું પણ બેંક ઓફ બરોડામાં ખાતું છે તો આપના માટે આ મોટા સમાચાર છે. કેન્દ્ર સરકારે થોડા સમય પહેલા દેના બેંક અને વિજયા બેંકનું બીઓબીમાં મર્જર કરી દીધું હતું, ત્યારબાદ આ બેંકોના ગ્રાહક બેંક ઓફ બરોડાના ગ્રાહક બની ગયા હતા. પહેલી માર્ચ બાદથી બેંક પોતાના આઈએફએસસીકોડ માં ફેરફાર કરવા જઈ રહી છે. તો તમે હવે ફટાફટ પોતાનો નવો આઈએફએસસીકોડ નોંધી લો નહીં તો ૧ માર્ચ ૨૦૨૧ બાદ તમે નાણા ટ્રાન્સફર નહીં કરી શકો. બેંકે જણાવ્યું કે પહેલી માર્ચ બાદ ગ્રાહકોને જૂના આઈએફએસસીકોડ કામ નહીં કરે. દેશની ત્રીજી સૌથી મોટી સરકારી બેંક, બેંક ઓફ બરોડાએ ટ્વીટ કરીને આ વિશે જાણકારી આપી છે. બેંકે ટ્વીટમાં લખ્યું છે કે, પ્રિય ગ્રાહકો કૃપયા ધ્યાન દો, ઈ-વિજયા અને ઈ-દેના આઈએફએસસીકોડ ૧ માર્ચ ૨૦૨૧થી બંધ થવા જઈ રહ્યા છે. ઈ-વિજયા અને દેના બેંકની શાખાઓ પરથી તમે નવા આઈએફએસસીકોડ પ્રાપ્ત કરી લો. ચરણોનું પાલન કરો અને સુવિધાઓનો અનુભવ લો.

જો તમે આઈએફએસસીકોડને લઈ કોઈ મુશ્કેલી અનુભવી રહ્યા છો તો તમે ૧૮૦૦ ૨૫૮ ૧૭૦૦ આ ટોલ ફ્રી નંબર પર કૉલ કરી શકો છો કે પછી તમે બેંકની બ્રાન્ચ પર પણ વિઝિટ કરી શકો છો.

## સાઉદી અરેબિયામાં ભારત સહિત ૨૦ દેશોના પ્રવેશ પર પ્રતિબંધ

(જી.એન.એસ.)રિયાધ,તા.૪

સાઉદી અરેબિયાએ ભારત સહિત ૨૦ દેશોમાંથી આવતા બિન-સાઉદી નાગરિકોના પ્રવેશ પર કામચલાઉ પ્રતિબંધ મૂકી દીધો છે. આ આદેશમાંથી જોકે રાજદૂતો, સાઉદી નાગરિકો, તબીબી વ્યાવસાયિકોને બાકાત રાખવામાં આવ્યા છે. કોરોના વાઈરસનો ફેલાવો રોકવા માટે સાઉદી સરકારે આ નિર્ણય લીધો છે. આ ૨૦ દેશો છેઃ ભારત, યૂએઈ, ઈજિપ્ત, લેબનોન, તૂર્કી, અમેરિકા, સ્વીડન, બ્રાઝિલ, બ્રિટન, જર્મની, ફ્રાન્સ, સ્વિટ્ઝરલેન્ડ, આર્જેન્ટિના, ઈટાલી, આયરલેન્ડ, પોર્ટુગલ, સાઉથ આફ્રિકા, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન અને જાપાન.

આ સસ્પેન્શન ઓર્ડરનો અમલ ગઈ કાલે બુધવારથી શરૂ થઈ ગયો છે. આ પ્રતિબંધ એવા પ્રવાસી લોકો માટે પણ લાગુ થશે જેઓ સાઉદી અરેબિયા માટે એમનો પ્રવાસ શરૂ કર્યાના ૧૪ દિવસની અંદર પ્રતિબંધિત દેશોમાંથી પસાર થયા હશે. જોકે સાઉદી નાગરિકો, રાજદૂતો, તબીબી વ્યાવસાયિકો અને એમના પરિવારજનો સાઉદી અરેબિયા માટેની સફર શરૂ કર્યાના ૧૪ દિવસની અંદર પ્રતિબંધિત દેશોમાંથી કે ત્યાં થઈને આવ્યા હશે તો તેઓ સાઉદી અરેબિયામાં પ્રવેશી શકશે, પણ આરોગ્ય મંત્રાલયે નિશ્ચિત કરેલા સાવચેતીના પગલાંનું પાલન કરવાનું રહેશે.

## મહીસાગર જિલ્લામા ડૉ.નિલય કસ્બાતીનું સન્માન કરાયુ



ચક્રવાત ટીમ કડાણા, તા.૦૪

કડાણા ખાતે ફરજ બજાવતા ડૉ નિલય. કસ્બાતી પોતે દર્દીઓની સેવા કરવામાં સર હંમેશ પડે પડે તૈયાર એવા ડૉ બે વર્ષના અંતે અનેક વખત એવોર્ડ તથા સન્માનિત થયેલા છે અને પોતે છેલ્લા ચાર વર્ષથી પોતાના જન્મદિવસ બીજી જાન્યુઆરીના દિવસે રક્તદાન કેમ્પનું આયોજન કરે છે. પરંતુ અમારા પ્રતિનિધિ દિલીપભાઈ બારીઆએ આ વિશે જાણકારી મેળવતા તેમના દ્વારા આયોજન કરવામાં આવેલા છેલ્લા ચાર કેમ્પ માં કુલ ૭૩૦ રક્તના બોટલ એકત્રિત કરવામાં આવ્યા છે અને ૩૦૦ જેટલાં બોટલ અકસ્માત, કેન્સર, સગર્ભા તથા મોટા ઓપેરશનમાં તેમના દ્વારા ફ્રી માં લોકોને આપી સેવા આપવામાં આવી છે.

## ઊનાના ગરાળ ગામે નાગણેશ્વરી માતાજીના મંદિરે ૧૦મો પાટોત્સવ ઉજવાયો



ચક્રવાત ટીમ ઊના, તા.૦૪

ઊનાના ગરાળ ગામે બિરાજતા ગરાસીયા રાજપુત વાજા રાઠોડ સમાજના કુળદેવી નાગણેશ્વરીને ૫૬ પ્રકારનો ભોગ ધરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ગરાસીયા રાજપુત સમાજના પ્રમુખની પણ વરણી કરવામાં આવી હતી. તેમાં પ્રમુખ તરીકે બહાદુરસિંહ નટુભા રાઠોડ અને મંગળસિંહ રૂપસંગજી વાળા સમાજે આ આગેવાનોને પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે વરણી બદલ આભાર વ્યક્ત કરેલ હતો. અને માતાજીના મંદિરે ગરાસીયા ક્ષત્રિય રાજપુત સમાજના લોકોએ પ્રસાદીનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

## ઉના પાલડી ગામનો યુવાન ૧૫૦૦ મીટર દોડમાં જુનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં સીલેક્ટ



ચક્રવાત ટીમ ઊના, તા.૦૪

ઊનાના પાલડી ગામે રહેતા શૈલેષ ભુપતભાઈ ચૈહાણ ૩૬ જુનિયર નેશનલ ચેમ્પિયનશિપ ગોહાવટી ખાતે ૧૫૦૦ મીટ દોડમાં નેશનલમાં સીલેક્શન થયેલ છે. અને વડોદરા ખાતે રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ગીરસોમનાથ જીલ્લા સ્પર્ધામાં સીલેક્શન થયેલ છે. આગામી તા.૬ થી ૧૧ ફેબ્રુ. સુધી યોજાવનાર છે. આ સ્પર્ધા ગોવાહાટી ખાતે આસામમાં ૧૫૦૦ મીટરનો ટાઈમીંગ ૪ મીનીટ ૨૮ સેકન્ડ દોડ પુરી કરી સ્થાન મેળવતા તેમના પરીવાર અને ઉના તાલુકા કોળી સમાજનું ગૈરવ વધારેલ છે.

## ગૌરવ પુરસ્કાર મેળવનારા લોક કલાકારોને સરકારી સવલતો આપવા માંગણી

### ઉપલેટાના લોકસાહિત્યકાર દેવરાજ ગઢવી દ્વારા મુખ્યમંત્રીને પત્ર



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૪

ઉપલેટાના લોકસાહિત્યકાર અને ગૌરવ પુરસ્કાર સન્માનિત દેવરાજ ગઢવીએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી અને લેખીતમા માંગણી કરી છે જેમાં તેમને જણાવ્યું છે કે ગૌરવ પુરસ્કાર મેળવનારા અને લોક કલાકારોને સરકારી સવલતો આપવા આવે તેવી માંગણી કરતો એક પત્ર લખવામાં આવ્યો છે જેમાં દેવરાજ ગઢવી દ્વારા જણાવાયું છે કે ગૌરવ પુરસ્કાર મેળવનારને આઈડી કાર્ડ આપે અને આ કાર્ડના માધ્યમથી કલાકારોને સર્કીટ હાઉસમા પણ રૂમ મળવો જોઈએ તથા એસટી બસમા પણ ફ્રી મુસાફરી મળવી જોઈએ તેવી માંગ કરી હતી આ સાથે વધુમાં જણાવેલ કે જે ગામ કે શહેરમા સાંસ્કૃતિક કાર્યક્રમ હોય ત્યારે સ્થાનિક રહેતા કલાકારોને સંસ્કૃતિ કાર્યક્રમ અને રાજકીય કાર્યક્રમમા નામ જોગ તેમની યાદી કરવામાં આવે તથા તેમને આમંત્રણ આપી યોગ્ય સ્થાન આપવામાં આવે તેવી માંગો સાથે ઉપલેટાના દેવરાજ ગઢવીએ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખ્યો હતો.

## દિલ્લીમાં ચાલતા ખેડૂત આંદોલનમાં ભાગ લેવા કોડીનારના ખેડૂત પુત્ર પહોંચ્યા ગાઝીપુર બોર્ડર

### કોડીનારના ખેડૂત પુત્રની ખેડૂત આંદોલનના પ્રતિનિધિઓ સાથે બેઠક

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૪

ગીર સોમનાથ જિલ્લાનું કોડીનાર એ ક્રાંતિ ભૂમિ તરીકે વિખ્યાત છે. તેમજ અહી ખેડૂતો તથા ખેડૂત સંગઠનો દ્વારા હમેશા ખેતી તથા ખેડૂતોની સમસ્યા અને પ્રશ્નો બાબતે સરકારમાં રજૂઆતો, આવેદનો, રેલી, પ્રદર્શન તેમજ જરૂર જણાય ત્યાં જેલ ભરો જેવા આકરા પગલાઓ ભરતા પણ અહીના ખેડૂતો અચકાતા નથી, અહીની ભૂમિ એ શૌર્ય ભૂમિ તરીકે ગુજરાત માં વિખ્યાત છે. આજે જયારે કેન્દ્ર ના ત્રણ કૃષિ કાયદાઓ વિરુદ્ધ દેશ ભરમાથી ખેડૂતો દિલ્હી બોર્ડર પર એકત્રિત થઈ રહ્યા છે ત્યારે ગુજરાત માથી કોડીનાર ના ખેડૂત પુત્ર એ પણ પોતાનું પ્રતિનિધિત્વ પ્રસ્તુત કર્યુ છે. કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા ત્રણ કૃષિ કાયદાઓ સામે ખેડૂતો દિલ્લી નજીક ગાઝીપુર બોર્ડરે આંદોલન કરી રહ્યા છે અને ખેડૂત આંદોલન ધીમે ધીમે દેશ ના અન્ય ભાગોમાં પણ ફેલાઈ રહ્યું છે અને ખેડૂત આંદોલન ને અનેક રાજ્યોમાં થી સમર્થન મળી રહ્યું છે અને અનેક રાજ્યો ના ખેડૂતો ગાઝીપુર બોર્ડરે જઈ કૃષિ કાનૂન નો વિરોધ કરી રહ્યા છે ત્યારે કોડીનાર ના ખેડૂત ના પુત્ર એ પણ ખેડૂતો ના સમર્થન માં દિલ્લી દોડી જઈ આંદોલન માં ભાગ લીધો હતો. કોડીનાર ના ખેડૂત પુત્ર નકવી મેહંદી હસન અને તેમની ટીમે કોડીનાર થી દિલ્લી દોડી જઈ ગાઝીપુર બોર્ડરે ખેડૂતો સાથે આંદોલન જોડાઈ કેન્દ્ર ના કૃષિ કાયદા સામે વિરોધ નોંધાવી ખેડૂતો ને સમર્થન આપ્યું હતું. કોડીનારના ખેડૂત પુત્રોએ ગાઝીપુર



બોર્ડર સ્થિત ખેડૂત આંદોલન નો હિસ્સો બની કૃષિ કાળા કાયદા ને વખોડી પોતાની વાત મીડિયાના માધ્યમથી ચક્રવાત ન્યુઝ પ્રેસ પ્રતિનિધ ને આંદોલન ની સ્થળ પરની હકીકત તેમજ સત્યતા માં જણાવ્યું હતું કે કડકડતી ઠંડી માં દિલ્હી માં આંદોલન કરી રહેલા ખેડૂતો ઉપર હિટલર શાહી જેવા અત્યાચાર થઈ રહ્યો છે.ખેડૂતો દિલ્લીમાં પ્રવેશી ના શકે તે માટે રસ્તાઓ બંધ કરી દેવાયા છે,ઈન્ટરનેટ બંધ કરી દેવા જેવી અનેક સુવિધાઓ બંધ કરી દેવામાં આવી હોવા છતાં પણ ખેડૂતો કૃષિ કાયદા પરત ખેંચાવા માટે અડીખમ રહી લડત ચલાવી રહ્યા છે. અને ખેડૂતો ની હિમત અડગ તથા ખુબજ મજબુત હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ખેડૂતો અને સરકારની ની હકીકત સ્થળ પર જઈને ગુજરાત સુધી પહોચાડી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્યના કોડીનાર માં પણ આંદોલન બાબતે ખેડૂતો તથા ખેડૂત સંગઠનો સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે ત્યારે એ હકીકત રજૂ કરવી પડે છે કે કોડીનાર ના અનુસૂચિત જાતિના ખેડૂતો દ્વારા પણ તેમની જમીન અધિકાર બાબતે સાપુરજી પાલોનજી કંપની લી. તથા સિમર પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપની અને અંબુજા કંપની સામે પણ ખેડૂતો દ્વારા જન આંદોલન તેમજ આવેદન, રેલી જેવા કાર્યક્રમો કરવામા આવ્યા છે. તેમજ ટૂંક સમય પહેલાં જ કોડીનારના ખેડૂતો દ્વારા કોડીનાર ની જીવાદોરી સમાન સ્યુગર ફેકટરી ના ભ્રષ્ટાચાર બાબતે તેમજ ખેડૂતો ના હિતમાં ઉપવાસ આંદોલન કરવામાં આવ્યું હતું. તેમજ વધુમાં સતત દશ દિવસ સુધી બહુજન ક્રાંતિ મોરચા તથા કિશાન મોર્ચા દ્વારા પણ ખેડૂત આંદોલન દિલ્હી ને સમર્થન આપવામાં આવ્યું હતું. તેમજ ભારત બંધ એલાન સમયે પણ ઘણા ખેડૂતો દ્વારા કાર્યકર્તાઓએ ધરપકડ પણ વહોરી લીધી હતી.

## ઉના મેમન ખીદમત કમીટી દ્વારા ૧૧મો સમૂહ લગ્ન સમ્પન્ન

ચક્રવાત ટીમ ઊના, તા.૦૪

ઈન્ટરનેશનલ ઓરગેનાઈજેશન મેમન સમાજ ફેડરેશનના સંયોગથી ખીદમત કમીટી ઉના આયોજીત ૧૧ મો સમૂહશાદી સમારોહ ઉના ગુલિસ્તા માધ્યમિક શાળાના ગ્રાઉન્ડમાં ઓલઈન્ડીયા મેમન સમાજ ફેડરેશનના પ્રમુખ હાજી ઈકબાલભાઈ ઓફીસર ઓલઈન્ડીયા ઈન્ટરનેશનલ મેમન ઓગેનાઈજેશન અગ્રણી અબ્દુલાભાઈ ગાળા વાલા, મેમન સમાજ ફેડરેશનના ઉપપ્રમુખ સાકીરભાઈ બાટલીવાળા (મુંબઈ) સૈરાષ્ટ્રજોન મેમન સમાજ ફેડરેશનના ઉપપ્રમુખ હાજી ફિરોજભાઈ લાકડીવાળા (રાજકોટ), હાજી ફારૂકભાઈ સુર્યા પોરબંદર, ઉના સમસ્ત મુસ્લીમ સમાજના પ્રમુખ હાજી ઈકબાલ ભિસ્તી તાલુકા મુસ્લીમ



સમાજ પ્રમુખ મુન્નાભાઈ ઉન્નડજામ ઉના જોન મેમન સમાજ ફેડરેશન જોન સેક્રેટરી હાજી અબુબકરભાઈ કાસમાણી યુથવિંગ જોન સોરાષ્ટ્ર કન્વીનર યાસીનભાઈ ડેડા, જુબેરભાઈ તબાણી, સતારભાઈ સાગર સહીત અગ્રણીઓની હાજરી વચ્ચે સંપૂર્ણ સરકારની ગ્રાઈડ લાઈન મુજબ માસ સેનિટાઈજર સહીત નિયમોનું ચુસ્ત પાલન સાથે સમૂહ લગ્નમાં ૧૨ દુલ્લાહ દુલ્હન નિકાહ બંધન સાથે જોડાયા હતા. ઉપરાંત અગ્રણી ઓએ આર્શીવાદ આપેલ હતા. આ કાર્યક્રમને સફળ ઉના ખીદમત કમીટીના પ્રમુખ ઈકબાલભાઈ કાસમાણી સહીતના યુવાનોએ બનાવેલ હતા.

## ઊના તાલુકામાં ૩૧૯૪૯ બાળકોને પોલીયોની રસી અપાઈ



ચક્રવાત ટીમ ઊના, તા.૦૪

ઊના તાલુકામાં પોલીયો નાબુદી અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયો રસી આપવા આવી હતી. પોલીયો નાબુદી અભિયાન ત્રણ દિવસ સુધી શરૂ રહેલ જેમાં આરોગ્ય વિભાગ, આશાવર્કરો, તેમજ આંગણવાડી કેન્દ્રની બહેનો દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રવિ, સોમ અને મંગળવાર આમ ત્રણ દિવસમાં વિવિધ વિસ્તારોમાંથી કુલ ૩૧૯૪૯ બાળકોને પોલીયો પીવડાવવામાં આવ્યો હતો.

## જૂનાગઢના ઝાંઝરડા રોડ પર પાઈપ લાઈનમાં ભંગાણ : શું આ છે વિકાસના એંધાણ?



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૪

જૂનાગઢ શહેરના હાર્દ સમાં ઝાંઝરડા રોડ પર પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા સર્વત્ર પાણી પાણી ફરી વળ્યું હતું. અને ભર શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો.ભરાયેલા પાણીથી રોડ પર ભુવો પડતા કેટલાયે વાહનચાલકો ખાડામાં પડયા હતા, ચોવીસ કલાક લોકો થી ધમધમતા આ રોડ પર અનેક ખાનગી હોસ્પિટલો પણ આવેલી છે. સ્થાનિક સ્વરાજની ચટણીના પડઘમ વાગી ગયા છે ત્યારે આ પડઘમના અવાજમાં જનતા નો અવાજ સત્તાધીશો સુધી નથી પહોંચ્યો. ત્યારે જૂનાગઢ મનપા તંત્રની અણઆવડતથી લોકોમાં રોશની લાગણી ફેલાઈ હતી આ વિસ્તારમાં ગાદલા અને રૂ ની દુકાનમાં પાણી ઘુસી જતા દુકાનદારને હજારો રૂપિયાની નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ ઝાંઝરડા રોડ પર અવારનવાર જૂનાગઢ મનપા તંત્રની બેદરકારીથી અનેક સમસ્યાઓ સર્જાતી જોવા મળી હતી.

## કડાણામાં પાર્ટીની રૂપરેખા અને સંગઠન વિસ્તરણ માટે બેઠક યોજાઈ



ચક્રવાત ટીમ કડાણા, તા.૦૪

કડાણા તાલુકાના નદીનાથ ખાતે યોજાયેલ આમ આદમી પાર્ટીની સમીક્ષા બેઠકમાં આવનારી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ઈલેક્શન માટે પાર્ટીની રૂપરેખા નક્કી કરવામાં આવી તેમજ સંગઠન વિસ્તાર કરવામાં આવ્યું. જેમાં કડાણા તાલુકામાં પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, સંગઠન મંત્રી તેમજ અન્ય હોદ્દાઓ એનાયત કરવામાં આવ્યા. આમ આદમી પાર્ટી જયારે સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યના ઈલેક્શનમાં જંપલાવી રહી છે ત્યારે મહીસાગરમાં કડાણા તાલુકામાં આમ આદમી પાર્ટીના ઉત્સાહભેર આગમનથી રાજકીય સમીકરણો તેજ બન્યા છે. પાર્ટીએ દાવો કર્યો છે કે આગામી કડાણા તાલુકા પંચાયતમાં તેઓ બહુમતી સાથે જીતશે.

## બગસરામાં વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેતુ તંત્ર

### બગસરા, ધારી, ચલાલા અને ખાંભામાંથી ઝડપાયેલ ૫૩૪૦ દારૂની બોટલનો નાશ



તસવીર : મયુર પંડ્યા

ચક્રવાત ટીમ અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લાના ચાર શહેરોમાંથી ઝડપાયેલ વિદેશી દારૂની બોટલનો બગસરામાં નાશ કરવામાં આવ્યો હતો.દારૂના નાશ કરતા સમયે પ્રાંત અધિકારી, પોલીસ સ્ટાફ તેમજ મામલતદાર ઓફિસનો સ્ટાફ હાજર રહ્યો હતો. અમરેલી જિલ્લાના બગસરા,ધારી, ચલાલા અને ખાંભા પોલીસ દ્વારા દારૂની હેરાફેરી કરતા બુટલેગરો સામે પોલીસે ઘોંસ બોલાવી ચાર શહેરોમાંથી વિદેશી દારૂની બોટલો ઝડપી પાડી હતી જેમાં બગસરામાંથી ૫૦૩૬, ચલાલામાંથી ૨૪૦, ખાંભામાંથી ૨૭૬, અને ધારીમાંથી ૭૬ વિદેશી દારૂની બોટલો મળી કુલ ૫૩૪૦ બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફરી વળતા દારૂના ફુવારા ઉડયા હતા. દારૂનો નાશ કરતી વખતે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર હાજર રહ્યુ હતુ.

## પોરબંદર જિલ્લાના ઓડદર ગામે ફાયરીંગ પ્રેકટિસ દરમિયાન દરિયામાં પ્રવેશબંધી

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪

પોરબંદર જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રાજેશ એમ. તન્નાએ એક જાહેરનામું બહાર પાડયુ છે. પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ તા.૧ ફેબ્રુઆરીથી તા.૧૫ ફેબ્રુઆરી સુધી સવારના ૭.૦૦ કલાકથી સાંજના ૧૯.૦૦ કલાક સુધી ઓડદર તરફ જતાં રસ્તા નજીક તથા દરિયા કિનારાના ફાઈરીંગ બટ વિસ્તારના પૂર્વ ભાગે-૨૦૦ મીટર, પશ્ચિમ ભાગે-૨૦૦ મીટર, ઉત્તર ભાગે-૬૦૦ મીટર, દક્ષિણ ભાગે-૨૦૦ મીટર તથા દરીયામાં ૫(પાંચ) કિ.મી. સુધીના વિસ્તારમાં ફાઈરીંગ પ્રેકટિસ દરમ્યાન રાહદારીઓ, વાહનો માટે તેમજ માછીમારો વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈ જવા ઉપર ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવેલી છે. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરે છે.

## વિધાનસભા સ્પીકર નાના પટોળેએ રાજીનામું આપ્યું



મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ બનાવાશે

ચક્રવાત ટીમ મુંબઈ તા ૪

મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ નાના પટોળે એ આજે રાજીનામું આપતા રાજકીય વાતાવરણમાં ગરમાટો આવી ગયો હતો. તેમણે ઉપાધ્યક્ષ નરહરિ ને રાજીનામું સોંપ્યું હતું. એક ચર્ચા મુજબ તેમને કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ બનાવાશે. એનસીપીના વડા શરદ પવારે જણાવ્યું હતુ કે કોંગ્રેસ દ્વારા અમારી સાથે ચર્ચા કરી હતી આ તેમનો પક્ષનો મામલો છે અને તેઓ ઉકેલ લાવશે. જો કે વિધાનસભા સ્પીકરપદ કોંગ્રેસ પાસે જ રહેશે.

બીજી બાજુ હવે કોને સ્પીકર બનાવશે તેની ચર્ચા ચાલુ છે. પૃથ્વીરાજ ચૌહાણની ચર્ચા ચાલુ છે. હાલના પ્રદેશના કોંગ્રેસ અધ્યક્ષ અશોક ચૌહાણનું પત્તું કપાશે. એક ચર્ચા ચાલતી હતી કે કોંગ્રેસને ઉપમુખ્યપ્રધાન પદ જોઈએ છે જો કે અજીત પવારે આ બધી વાત વાહિયાત હોવાનું જણાવ્યું હતું.

## નવાબંદર ગામમાં બે સિંહણ એક સિંહના આંટાફેરા લોકો ભયભીત બન્યા

### વનવિભાગએ લોકો સાથે સિંહની સુરક્ષાની ચિંતા કરી વન્યપ્રાણીને જંગલમાં ખસેડવા માંગ

ચક્રવાત ટીમ નવાબંદર, તા.૦૫

ઉના તાલુકાના દરીયાકાંઠા વિસ્તારના નવાબંદર ગામમાં છેલ્લા આઠ દિવસથી રાત્રીના ૧૨ વાગ્યા બાદ ૧ સિંહ બે સિંહણ ઈદગાહ વિસ્તાર અને દરીયા કાંઠાના રહેણાંકીય વિસ્તારોમાં આંટાફેરા મારતા હોવાના કારણે લોકો ભયભીત બની ગયા છે. આ વિસ્તારમાં રહેતા શ્રમિક વર્ગના માછીમારોના પરીવારો રાત્રી દરમ્યાન બંદરો પર બોટ આવતા અવર જવર કરતા હોય છે. રહેણાંકીય વિસ્તારોમાં બાજુમાં અડી આવેલા રીજવર ફોરેસ્ટ જંગલમાં વસવાટ કરતાં સિંહ-સિંહણ દીપડા જેવા પ્રાણીઓનો વસવાટ હોય શિકારની શોધમાં આ જંગલી જનાવરો આવી પહોચતા હોય છે. ત્યારે હિંસક બની કોઈ માનવીને શિકાર બનાવે તે પહેલા જશાધાર વન્ય વિભાગના અધિકારીઓએ આ બે સિંહણ અને એક સિંહનો પરીવારને તાત્કાલીક રાઉન્ડમાં બિડગાર્ડ રાખી વન્યપ્રાણીને જંગલ તરફ ખસેડે તેવી માંગણી ઉઠી છે. આ સિંહના અવર જવરના કારણે તેના પર પણ અસલામતી ઉભી થતી હોય ભૂંડ અને શ્વાન જેવા પશુ ઓનો શિકાર કરી તેનું માસ આ વન્ય જનાવરો મિજબાની માણતા હોય તેના કારણે સિંહ જેવા પ્રાણીનો ભય મંડાય રહ્યો છે. અને માનવ વસ્તીમાં વન્યપ્રાણીની પજવણી પણ થાઈ તે પહેલા વનવિભાગના અધિકારીએ તાત્કાલીક આ વન્યપ્રાણીની સુરક્ષા કરી તેને સલામત રીતે માનવ વસ્તીથી દૂર ખસેડવા રજુઆત પણ કરાય છે.

## ખંભાતમાં શૈલેષ રાઠોડની સેવાઓ બિરદાવી લાયન્સ ક્લબ દ્વારા સન્માન

ચક્રવાત ટીમ ખંભાત, તા.૦૪

ખંભાતના ઈનોવેટિવ શિક્ષકની શૈક્ષણિક અને સામાજિક સેવાઓને બિરદાવી લાયન્સ ક્લબ ખંભાત દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય પરિતોષિક વિજેતા શૈલેષ રાઠોડનું શાલ, સન્માનપત્ર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ગવર્નર જે.પી.ત્રિવેદી, લાયન્સ પ્રમુખ દિનેશ મહિડા, લાયન ભરતભાઈ શાહ, સેક્રેટરી દક્ષાબેન પટેલ, અંજનાબેન રાવલ,લા.દેવેન વ્યાસ,બી.એ.દેશમુખ,સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોરોનાકાળ દરમ્યાન બાળકો માટે શૈલેષભાઈ રાઠોડ દ્વારા તૈયાર કરાયેલ ઓનલાઈન એજ્યુકેશનના ૬૫૦ વિડીયો,૮ પુસ્તકોનું લેખન, જરૂરિયાતમંદો સુધી રાહત સામગ્રી



પહોચડવી, કોરોના કાળમાં ઉત્તમ રિર્પોટિંગ અને સમાજને વૈજ્ઞાનિક ઢબે માહિતી આપવી સહિતની બાબતોની નોધ લઈ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ભરતભાઈ શાહે શૈલેષભાઈ રાઠોડને બહુમુખી પ્રતિભાશાળી શિક્ષક ગણાવ્યા હતાં. ખંભાતની શ્રી માધવલલાલ શાહ હાઈસ્કૂલમાં સેવારત શૈલેષભાઈ રાઠોડને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પરિતોષિક, રાષ્ટ્રીય કક્ષાએ એજ્યુકેશનલ એવોર્ડ, રાજ્યનો ઓપન પેજ એવોર્ડ સહિતના એવોર્ડ મળ્યા છે. તેમના દ્વારા બાળકો અને સમાજ માટે શૈક્ષણિક અને મૂલ્ય આધારિત ૫૫ જેટલા પુસ્તકો રચવામાં આવેલ છે. જે પુસ્તકો વિશ્વભરમાં ઓનલાઈન મળે છે. તેમના ૮ પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ થયો છે. વધુમા શૈલેષ રાઠોડે જણાવ્યું હતું કે, કોરોનકાળમાં ઓનલાઈન આપ-લે એ જ માધ્યમ હતું.

## તંત્રીસ્થાનેથી......

# ખેડૂત મહાપંચાયતો મોદી સરકારની બાજી બગાડશે?

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદા વિરુદ્ધ ચાલી રહેલું ખેડૂત આંદોલન માત્ર દિલ્હીની સરહદ સુધી સીમિત નથી પરંતુ હરિયાણાના જિંદ, રોહતક, ઉત્તરાખંડ, રુડકી અને ઉત્તર પ્રદેશના મથુરામાં પણ શરૂ થઈ ગયું છે. અહીં મોટી સંખ્યામાં ખેડૂતોની મહાપંચાયતોનું આયોજન થઈ રહ્યું છે. ખેડૂત નેતા રાકેશ ટિકૈતે જિંદની મહાપંચાયતમાં 'દિલ્હી ચલો'નું આહ્વાહન કર્યું હતું. જિંદના કંડેલામાં થયેલી ખેડૂતોની મહાપંચાયતમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. હરિયાણાના ગામેગામથી ખેડૂત આંદોલન માટે સમર્થન એકઠું કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ખેડૂત સંગઠનો સક્રિય થઈ ગયા છે. મુઝફ્ફરનગર, બાગપત, બિજનૌર અને મથુરામાં મહાપંચાયતો થઈ ચૂકી છે. ઉત્તર પ્રદેશ અને હરિયાણાની ખેડૂત મહાપંચાયતોમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ. મથુરાની મહાપંચાયતમાં રાષ્ટ્રીય લોક દળ અને અન્ય રાજકીય પક્ષો જોડાઈ રહ્યા છે. જોકે, પશ્ચિમ ઉત્તર પ્રદેશની મહાપંચાયતોમાં વિપક્ષના નેતાઓ જોડાઈ રહ્યા છે પરંતુ તેમને સ્ટેજથી દૂર રાખવામાં આવી રહ્યા છે. આ પંચાયતોમાં આંદોલનની રણનીતિ અને દિલ્હી સરહદે ચાલતાં આંદોલનને મજબૂત કરવા મુદ્દે ચર્ચા થઈ. ૨૬ જાન્યુઆરીના ઘટનાક્રમ બાદ દિલ્હી-ઉત્તર પ્રદેશની ગાઝીપુર બૉર્ડરથી ખેડૂત નેતા રાકેશ ટિકૈતની ભાવુક અપીલ બાદ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને હરિયાણાનાં ગામોમાં ખેડૂતો સક્રિય થઈ ગયા છે અને આંદોલનમાં



**યાકુબ બાદી**
**તંત્રી**

પોતાનું યોગદાન આપી રહ્યા છે. બુધવારે ઉત્તરાખંડના રુડકીના મંગલૌરમાં થયેલી ખેડૂત મહપંચાયતમાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. બીજી તરફ મથુરાના બલદેવમાં આવી પંચાયતો યોજાઈ રહી છે. મથુરાના બલદેવમાં થયેલી ખેડૂત મહાપંચાયતમાં રાષ્ટ્રીય લોકદળના સ્થાનિક નેતાઓ પણ સામેલ થયા હતા. આ પંચાયતમાં ૬ ફેબ્રુઆરીએ પ્રસ્તાવિત દેશવ્યાપી ચક્કાજામને સફળ કરવાની અપીલ પણ કરવામાં આવી હતી. તો આ તરફ રાજસ્થાનના દૌસા જિલ્લામાં મીન ભગવાન મંદિર મેંહદીપુર બાલાજીમાં એક ફેબ્રુઆરીએ થયેલી મહાપંચાયતમાં પાંચ ફેબ્રુઆરીએ એક મોટી ખેડૂત મહાપંચાયત કરવાનો નિર્ણય કરાયો છે. સાત ફેબ્રુઆરીએ શાહજહાંપુર બૉર્ડર પર કૂચ કરવાનું એલાન પણ કરવામાં આવ્યું હતું. તો રાજસ્થાનના અન્ય જિલ્લાઓમાં પણ ખેડૂત મહાપંચાયતો યોજવાની વાત કરવામાં આવી છે. આવનારા દિવસોમાં રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશનાં ઘણા જિલ્લા અને ગામોમાં પણ ખેડૂત મહાપંચાયતો થવા જઈ રહી છે, તેનાથી ખબર પડે છે કે ખેડૂત આંદોલન હવે યુપી અને રાજસ્થાનનાં ગામોમાં પણ ફેલાઈ રહ્યું છે. આ મહાપંચાયતોને કારણે હવે મોટી સંખ્યામાં ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. યુપીમાં આ કાયદાઓ વિરુદ્ધ જાટ-ગુર્જર બધા એક થઈ ગયા છે. જ્યાં સુધી કાયદા પાછા નહીં ખેંચે ત્યાં સુધી ધરણાં વધુ મજબૂત થશે. આ આંદોલન ધર્મ અને જાતિથી ઉપર થઈ ગયું છે. કોઈ હિન્દુ કે મુસલમાન કે જાટ કે ગુર્જર નથી, બધા ખેડૂતો છે. ખેડૂતો હવે પોતાનો અવાજ ઉઠાવતા શીખી ગયા છે. જ્યાં સુધી માગ નહીં સ્વીકારાય, ત્યાં સુધી આંદોલન ચાલશે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....




### પ્રકરણ ૫૭

"કાના આ દેવી તો જો...કોઈ રજવાડાની રાજકુમારી જેવી લાગે છે." દેવીનું જે રાજાશાહી ઠાઠથી આગમન થઈ રહયું હતું એ જોઈને મીરા આટલું જ બોલી શકી. એનું રૂપ, શૃંગાર અને લાવણ્ય જોઈને બધા ખુલ્લા મોં અને ફાટી આંખોએ જોઈ રહ્યા હતાં. એના દરેક પગલાંની આગળ પથરાતી જતી ફૂલોની ચાદર, ઢોલ અને શરણાઈના રેલાતાં સૂરનું ધબકારો ચૂકવી દેતું સંગીત અને ગુલાબજળ રૂપી સ્પ્રેનો હવામાં થઈ રહેલો સુગંધી ફોરાંરૂપી વરસાદ તમને પાગલ બનાવી દેવા માટે પૂરતાં હતાં. એ ધીમે ડગલે આગળ વધતી 'બેટલ ફિલ્ડ' ના પાંજરા સુધી પહોંચી. એક રોબોટ આ હદની માનવીય આભા સર્જી શકે એમારી કલ્પના બહારની વાત હતી.

આટલાં મદહોશ અને અભિભૂત કરી દે તેવા માહોલ વચ્ચે હું જન્માષ્ટમીની જેમ ભાન ભુલ્યો નહોતો. દેવીનો દરેક રૂપના દર્શનને મેં મારી કેમેરાની ક્લિકમાં સમાવી લીધા હતાં. અમારી સ્કૂલના ડાયરેક્ટ વિસ્મય શાહ પણ આ ખાસ પ્રસંગે રૂબરૂ હાજર હતાં. આજે 'ફ્યુચર લેબ' ના સ્ટુડન્ટ્સ હોવાને નાતે દેવીનું આવું સ્વરૂપ નિહાળી મારી છાતી ગજ ગજ ફુલતી હતી.

આખરે શુભારંભના શુકન રૂપી દીવાની જ્યોત સળગી અને એકસાથે ૨૫ નાળિયેર દેવીએ ફ્યુચરના 'રોબોટ દેવ' ને અર્પણ કર્યા. બધાના મોં મીઠા કરાવી લાલ રિબિન કાપી. એ ઠાઠ સાથે શાહી સવારી પરત ફરી. સ્ટેજ પર ફરીથી એનાઉન્સમેન્ટ શરૂ થયું. ઓહો...ઓહો.. આ દેવી તો 'ફ્યુચર લેબ' ના ગોરી ... રેપ સોન્ગે ફરી ધમાચકડી બોલાવી દીધી.

ફ્રેન્ડસ, ચાર ફૂટનો ચીકુડો ને છ ફૂટનો ભૂરો તમારું એન્ટરટેઈનમેન્ટ કરવા માટે રેડી છે. ''રોબોરોક્સ' સિઝન-ટુના પ્રથમ દિવસે રોબોવોરની ફર્સ્ટ ફાઈટથી ઈવેન્ટની શુભ શરૂઆત. ફર્સ્ટ હું વોર ગ્રાઉન્ડમાં આવવાનું કહીશ ચાર ફૂટના ચીકુડાને.' બોમ્બેના ક્રિએશન એવા આ સિઝનના સહુથી તેજીલા અને વેગીલા રોબોને આપણે સહુ દુંદાળા દેવ ગણપતિ બાપાની ધમાલથી વેલકમ કરીશું.''

મારો કેમેરો ફટાફટ ક્લિક કરવા લાગ્યો. ચાર ફૂટનો એક રોબોટ સ્ટાઈલથી હાલકડોલક હાલતો બધાનું અભિનંદન ઝીલતો કોઈ હીરોની જેમ ગ્રાઉન્ટમાં એન્ટ્રી લઈ રહ્યો હતો. 'ચીકુડાનું થીમ સોન્ગ ખાસ્સું કેચી અને પોપ્યુલર બન્યું હતું. ગ્રાઉન્ડને ચારે તરફ ઊંચી જાળીઓથી પૅક થઈ ચુક્યું હતું. જેથી હજારપ રહેલું યંગ ક્રાઉડ ગમે તેટલાં ઉન્માદ છતાં સુરક્ષિત રહીને ફાઈટ એન્જોય કરી શકે. તાનમાં ભાન ભૂલતી મિલેનિયમ જનરેશનમાંથી કોઈ અકસ્માતનો ભોગ ના બને. જાળીઓના તાર સાથે રમતી યુવાની હરખથી ચીકુડાને આવકારી રહી હતી. ચીકુડાએ પણ 'બેટલ ફિલ્ડ' માં દાખલ થઈ બધાનું અભિવાદન ઝીલી પોતાની સ્પીડની બે-ચાર દાવપેચ સાથેની ઝલક દેખાડી.

નાવ, ઈવેન્ટના સૌથી ઈન્ટેલિજન્ટ રોબોનું સ્વાગત કરવા તૈયાર થઈ જાવ. ભૂરાની ઈન્ટેલિજન્સથી ઘણી લેડી રોબો પણ ઈમ્પ્રેસ થઈ છે. સાથે જ ભૂરો પોતાની પર્સનાલિટી એન્ડ લૂકના મામલે વર્લ્ડમાં ખાસ્સા ફેન ધરાવે છે. નાવ, વી મોસ્ટ વેલકમ લાસ્ટ સિઝનના વિનર એવા દ્વે સુરતના ક્રિએશન એવા મોજીલા સુરતી લાલા એવા ભૂરાને. પોતાના બાદશાહી સ્વેગથી ઈમ્પ્રેસ કરતો ડાયનેમિક અને ડેશીંગ ભૂરો પણ યો યો ના સંગીતનો ધુને ડાન્સ કરતો ગ્રાઉન્ડમાં પધારી રહ્યો હતો. 'બેટલ ફિલ્ડ' નો હોલ ચિચિયારીઓ અને સિટીઓથી ગુંજી રહ્યું હતું. ભૂરાએ ફિલ્ડમાં દાખલ થઈને પોતાના વર્ટિકલ ડાન્સ અને ટીમલીના ગરબાના ટેપ્સથી ઓડિયન્સને રીતસર ભૂરાયું કર્યું.

બંને જાણએ બોક્સિંગને બદલે મારવા અને મરવા માટે લડવાના હોય એમ એકબીજા સામે કતરાઈને ગ્રાઉન્ડમાં મોરચો સંભાળી રહ્યા હતા. મીરા પણ સતત ચિયર્સઅપ કરીને ઈવેન્ટમાં પોતાની સક્રિયતા બતાવતી હતી. હવે હું ઈવેન્ટને મારી સ્ટાઈલથી કેમેરામાં કેદકરવાના મૂડમાં હતો. હું મીરાથી ફાઈટ પુરી થાય પછી મળવાની રજા લઈ છૂટો પડ્યો. ઓડિયન્સ વચ્ચે જગ્યા કરી સાગરે સૂચવેલી જગ્યાએ પહોંચ્યો.

આખરે વ્હીસલ વાગતાં જ મુકાબલો શરૂ થયો. ભૂરો તાકાત અને બુદ્ધિ વાપરી લડી રહ્યો હતો. જ્યારે ચીકુડો ચતુરાઈ અને સ્ફૂર્તિ વાપરી તેના દરેક દાવમાંથી આબાદ છટકી જતો હતો. બંને એકબીજા સાથે ટોમ એન્ડ જેરી જેવો પકડદાવ રમી રહ્યા હતાં. એકબીજાને પછાડવા મરણીયા બની ગયા હતા. ભૂરો થોડો કૂલ હતો. જ્યારે ચીકુડો એગ્રેસીવ બની ધમાલ મચાવી રહ્યો હતો.

ભૂરાની એક ... લાતે ચીકુડાને ઘાયલ કર્યો. સીધો જાળી હારે ભટકાયો. 'ભૂરા... તને નહીં મૂકું...'' બોલતો ચીકુડો જાળી સાથે ભટકાઈને આંખના પલકારામાં ભૂરાના બે પગ વચ્ચેથી સરકી ગયો. પાછળથી ભૂરાની ડોક પર ચડી, ગરદનને પકડીને ભૂરાને જોરથી ઊંધો પછાડ્યો. ભૂરાના એક પગમાં શોર્ટસર્કિટ થઈ ગયું. રમત જોરદાર જામી હતી. આ બધી ઈવેન્ટમાં હારજીત પર મોટા પ્રમાણમાં જુગાર પણ રમાતો. ભૂરાની હાઈટ ચીકુડાના કોઈ દાવ સફળ થવા નહોતી દેતી. ચીકુડાની સ્ફૂર્તિ લાજવાબ હતી. તે બહુ ઝડપથી સ્વરૂપ બદલી ભૂરાનો ઘા ચૂકવી દેતો. દસ મિનિટના ફર્સ્ટ રાઉન્ડમાં બંને બરાબરી પર રહ્યા.

બીજો રાઉન્ડ શરૂ થતાં ભૂરાએ પોતાનો કલર લીલામાંથી બદલીને લાલ કર્યો. જ્યારે ચીકુડાએ યલો માંથી ચીકુ કલરનો વેશપલટો કર્યો. બંનેએ આઠેક મિનિટ સારી એવી ધમાચકડી મચાવી. બંનેને બે ચાર ઘા સરખા લાગી ગયા હતા. માંડ માંડ ઉભા રહી શકતા હતા. આખરે ભૂરાએ હંધુય જોર ભેગું કરીને એનું બ્રહ્માસ્ત્ર ગણાતી ગ્રાઉન્ડ કીક મારી. ચીકુડો સ્ફૂર્તિ પણ તે ઘા ચૂકવી ના શકી. તે સીધો પાંજરાની છત જોડે ટકરાયો. અને હેઠો પડ્યા પછી ફરી ઉભો નાથયો.પહેલી ફાઈટિંગમાં ભારે સંઘર્ષ બાદ ભૂરો જીતી ગયો હતો.

દરેક રોબોટ વચ્ચે દસ મિનિટના બે રાઉન્ડ રમાવાના હતા. રિઝલ્ટ ના મળે ત ... જરૂર પડ્યે ત્રીજો રાઉન્ડ રમાતો. તેમાંથી જીતે એ ફાઈનલ તરફ એક સ્ટેપ આગળ વધતું. એક રોબોટને વધુમાં વધુ ચાર વ્યક્તિ ઑપરેટ કરી શકતા. અમુકે ટીમે તો પહેલેથી જ ફિક્સ પ્રોગ્રામિંગ સેટ કરી અમુક રોબોટને લડવા માટે મોકલ્યા હતા. બધી ટીમોની ચિઠ્ઠીમાંથી બે ચિઠ્ઠી ખેંચવામાં આવતી, જેના નામની ચિઠ્ઠી હોય તેણે સામસામે લડવાનું હતું. સાત ફૂટથી ઊંચા અને ત્રણ ફૂટથી નીચા રોબોટને એન્ટ્રી મળતી નહીં. માણસને હયાત મનોરંજનના સાધનો ઓછા પડતાં હતા. એટલે એણે નવી પસંદગી અર્ધજીવ એવા રોબોટ પર ઉતારી હતી.

આખી રાત જુદી જુદી ટીમના રોબોટ વચ્ચેની ફાઈટ ચાલતી રહી. લોકોની આનંદની સીમા અને ઉત્તેજના વધતી ગઈ. મને અત્યારે કૅમેરો એક પ્રકારની જેલ જેવો લાગતો હતો. કોઈ મૂવ કે હાવભાવને હું કૅમેરામાં કેદ કરવાને લીધે એને મહેસૂસ કરવાની ક્ષણ હું ગુમાવી દેતો હતો. આજના રોબોટ્સની અવનવી ડિઝાઈન, કરતબ, એનું કમાલનું ક્રિએટિવ પ્રોગ્રામિંગ

અવનવી સ્ટાઈલિશ ખાસિયતો, અનેખાસ તો મ્યુઝિકલ વોઈસ આઉટપુટ જોઈને હું દંગ રહી ગયો હતો. અમુક લેડી રોબોટના ડાન્સ, નખરાં અને કાતિલ અદાઓથી બધા આફરીન પોકારી ઉઠ્યા હતાં. કાશ, દેવીએ આ સ્પર્ધામાં ભાગ લીધો હોત તો....! એમાંય એ રાજકુમારી વિરાગંનાની માફક રણચંડી બની લડી હોત તો...! કલ્પના માત્રના રોમાંચથી મારા રુંવાડા ઉભા થઈ ગયા. મને માણસની ક્રિએટિવિટી પર ગર્વ થઈ આવ્યો.

બીજા દિવસે ' ૫ અવર એક્ટ'નો પ્રોગ્રામ હતો, જેમાં બે કલાક તમને સબ્જેક્ટ પરથી સ્ક્રિપ્ટ, ડાયલોગ લખી એક્ટ ક્રિએટ કરવા માટે મળતાં. પછીના બે કલાકમાં લાઈટિંગ, કોસ્ચ્યુમ, વોઈસથી માંડીને મ્યુઝિક કે ડાન્સના સ્ટૅપ્સ સુધીનું કામ પૂરું કરી દેવું પડતું. આ પ્લે માટે તમારી ટીમમાંથી વધુમાં વધુ પાંચ રોબોટને જુદા જુદા પાત્રો માટે ઉપયોગમાં લેવાની છૂટ હતી. તેનું પ્રોગ્રામિંગ અને ફાઈનલ રિહર્સલ છેલ્લાં એક કલાકમાં પૂરું કરવાનું રહેતું. દરેક ટીમને જીતવા માટે ટીમવર્ક, પુષ્કળ ક્રિએટિવિટી અને ક્વિક રિસ્પોન્સ ટૅલેન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવો પડતો. આ બહુ ટફ અને સખત ટીમવર્ક માંગી લે તેવી ઈવેન્ટ હતી. પાંચ કલાકમાં બધું ભેગું કરવું અને ૨૦ મિનિટમાં પ્રેઝન્ટ કરવામાં ભલભલા ક્રિએટિવ માઈન્ડને પરસેવો છૂટી જતો. જોકે આ ઈવેન્ટ માટેના પ્રાઈઝ પણ લાખોમાં રહેતા.

કેટલીય મલ્ટીનેશનલ કંપનીના અધિકારીઓ ખાસ આ ઈવેન્ટ જોવા માટે પધારતાં. આ ઈવેન્ટમાં હારજીતની નંબર ગેમ કરતાં થીમ અને પ્રેઝન્ટેશન અગત્યના રહેતાં. અમુક ટીમને રૂબરૂ કંપનીના જોબ લેટર ઓફર થતાં. આ વખતે તો અમુક કંપનીઓ પોતાનાના ઈ શ્રઢ ની કેપેબિલિટીસ ચેક કરવા ખુદની ટીમ મેદાનમાં ઉતારી હતી. જેને લીધે આ સ્પર્ધા વધુ રોમાંચક બની હતી.

બીજા દિવસની આ ઈવેન્ટ ક્રિએટિવિટીના કેટલાંય નવા ક્રાઈટેરિયા અને આયામો સર્જી ચુકી હતી. બધાએ અવનવા પ્રયોગો સાથે રોબોટ પાસેથી કમાલનું કામ લઈ બતાવ્યું. રોબોની રોકિંગ અદાઓએ પ્રેક્ષકોના દિલ જીતી લીધા. જ્યારે કેટલાક આ ઈવેન્ટ માટે રોબોટ જ તૈયાર ના કરી શક્યાં. મને એકવાત સમજાઈ ગઈ. યંગ જનરેશનમાં જબરદસ્ત સ્પાર્ક છે. એને બસ આવા કોઈ ક્રિએટિવ કે ચેલેન્જીગ પ્લેટફોર્મની રાહ હોય છે.

લાસ્ટ ડે ...'રોબો બૅન્ડ'ના પરફોર્મન્સનો હતો. રોબોટ્સના રજૂ કરેલા લાઈવ પ્રોગ્રામ અને ડી.જે.ના બીટ્સ પર રોબોટના ધમાકેદાર પરફોર્મન્સ જોઈ બધા દંગ રહી ગયા. ખાસ આ ઈવેન્ટ માટે તૈયાર કરેલાં ગીતોના મ્યુઝિક, લાઈટિંગ અને ડાન્સના અફલાતૂન પર્ફોર્મન્સથી આ ઈવેન્ટ યાદગાર બની ગઈ. કેટલીક કોલેજ ટીમોએ પોતાના ગમતાં સિંગર કે મ્યુઝીશિયન ને ટ્રીબ્યુટ આપવા માટે તેમનો સ્ટેજ પર અવતાર ધારણ કરાવ્યો હતો. જે આ ઈવેન્ટની સહુથી મોટી અને માની ના શકાય તેવી સરપ્રાઈઝ હતી.

બીટલ્સ ગ્રુપ, માઈકલ જેક્સન, આર.ડી.બર્મન, અવિનાશ વ્યાસ, હેમુ ગઢવી, દિવાલીબેન ભીલ સાથે લેસર અને દૃકટ ટેકનોલોજીના કમાલ સાથે સ્ટેજ પર હૂબહૂ ગમે તે દ્રશ્ય ખડું કરી શકાતું. એમાં પણ ગુજરાતના ગરબાની બે ઈવેન્ટ જોઈને ઓડિયન્સ રીતસર મોંમાં આંગળા નાખી ગયું હતું. બધા ફાટી આંખે આ ટેક્નોલોજી અને ક્રિએટિવિટીનો કમાલ જોઈ રહી હતી. કદાચ, સદીઓમાં નસીબદાર હોય એને જોવા મળે એવા આ માહોલમાં રચાયેલા આ બે ગરબા ડાન્સ 'ન ભૂતો ન ભવિષ્યતિ' હતાં. આ મહેફિલ કે માહોલ માટે મારી પાસે કોઈ શબ્દો નહોતાં. બક્ષીની ભાષામાં કહું તો ઈટ્સ લાર્ક... **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૫-૦૨-૨૦૨૧, શુક્રવાર, પોષ વદ-૭, સૂર્યોદય-૭-૨૬, સૂર્યાસ્ત-૬-૩૫, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ વિશાખા**

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૯થી અભિજીત-૧૩-૨૩ સુધી ૭-૨૫-ચલ-લાભ-અમૃત-૧૧-૩૭ સુધી, ૧૩-૦૧ શુભ-૧૪-૨૫ સુધી, ૧૭-૧૩-ચલ-૧૮-૩૭ સુધી, ૨૧-૪૯-લાભ-૨૩-૨૫ સુધી

**- શુભ હોરા-**

૭-૨૫થી ૧૦-૧૩ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૫ સુધી, ૧૩-૫૭ થી ૧૬-૪૫ સુધી, ૧૭-૪૧ થી ૧૮-૩૭ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરુ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ,લ,ઈ): ઘરના વડીલો સાથે થોડો સમય પસાર કરો. તેમનો આશીર્વાદ અને સહયોગ તમારા માટે ભાગ્યોદયકારક સાબિત થશે.

» વૃષભ(બ,વ,ઉ): આજે કામની જગ્યાએ પોતાના વ્યક્તિગત તથા રસને લગતી ગતિવિધિઓમાં સમય પસાર કરો.

» મિથુન(ક.છ.ઘ): માનસિક સુકૂન માટે કોઇ ધાર્મિક સ્થળમાં થોડો સમય પસાર કરો. બાળકોના કરિયરને લગતી કોઇ સમસ્યાનો ઉકેલ મળવાથી તણાવ દૂર થશે.

» કર્ક(ડ,હ): અન્ય ઉપર નિર્ભર રહેવાની જગ્યાએ પોતાની ક્ષમતા અને યોગ્યતા ઉપર વિશ્વાસ કરો.

» સિંહ(મ,ટ): આજે તમારા જીવનમાં કોઈ અજીબ ઘટના બની શકે છે. જેનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડશે. તમારા સંબંધોમાં ગાઢ બનશે.

» કન્યા(પ,ઠ,ણ): તમારું ભાગ્યની જગ્યાએ કર્મ ઉપર વધારે વિશ્વાસ કરવું તમને વધારે પોઝિટિવ બનાવી શકે છે.

» તુલા(ર.ત.): આજે ગ્રહ સ્થિતિ થોડી લાભદાયક પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહી છે. એટલે સમયનો ભરપૂર સહયોગ કરી લો. ક

» વૃશ્ચિક(ન.ય.): આજે કોઇ મહત્ત્વપૂર્ણ સૂચના મળી શકે છે. આ સમયે મીડિયા તથા સંપર્ક સૂત્રોને લગતી ગતિવિધિઓ ઉપર તમારું વિશેષ ધ્યાન કેન્દ્રિત રાખો.

» ધન(ભ,ધ,ફ,ઢ): આજનો દિવસ પારિવારિક તથા આર્થિક બંને દૃષ્ટિએ શુભ ફળદાયક રહેશે. થોડો સમય પોતાના માટે પણ કાઢો.

» મકર(ખ.જ.): આજકાલ તમે જીવનના પોઝિટિવ દૃષ્ટિકોણને સમજવાની કોશિશ કરી રહ્યા છો, જે એક સારી સફળતા છે.

» કુંભ(ગ,સ,શ,ષ): કોઇ પારિવારિક વાદ-વિવાદ આજે પૂર્ણ થવાથી ઘરમાં સુકૂન અને શાંતિનું વાતાવરણ રહેશે.

» મીન(દ,ચ,ઝ,થ): સામાજિક અને રાજનૈતિક ક્ષેત્રમાં તમારું વર્ચસ્વ વધશે. તમે ઊર્જા અને આત્મવિશ્વાસથી ભરપૂર રહેશો.

# ગાંધીજીને મહાત્મા બનવવામાં રાજકોટની સ્કૂલલાઈફનો અગત્યનો ફાળો

ગાંધીજી તેમના મૃત્યુ પછી પણ વિચારોથી જીવંત છે. લોકમાનસમાં એક જ ગાંધી નથી પણ અનેક પ્રકારના ગાંધી જીવી રહ્યા છે. સરકારી ગાંધી સાવ અલગ પ્રકારના છે. ગાંધીવાદીઓના ગાંધી અલગ છે. જડ માનસિકતા ધરાવતા લોકોના ગાંધી અલગ છે અને સોશિયલ મિડિયા સહિત જે ક્યારેય હતાં જ નહીં એવા ગાંધી અલગ....

આ બધામાં મૂળ ગાંધી તો ગેરહાજર છે. એમાં પાછા દરેક મહાનુભાવોના, વિવિધ વિચારધારાઓના કે મુન્નાભાઈ જેવી ફિલ્મના ગાંધી અલગ... આમ તો ગાંધીજીની પણ મોટી વૈચારિક રેન્જ હતી, એમનો એક નજરથી અભ્યાસ કરવો મુશ્કેલ....

ગાંધી જીવન એટલે,

બાળપણમાં અત્યંત ધાર્મિક માતા સાથે મંદિર જતી વેળા શીખવાડવામાં આવ્યું હતું કે "ઈશ્વર સત્ય છે", જીવનના અંતિમ તબક્કામાં આ જ સૂત્ર "સત્ય જ ઈશ્વર છે" પર આવી ગયું... આમ ગાંધીજીવન યાત્રા એટલે, "ઈશ્વર સત્ય છેથી શરૂ કરીને સત્ય જ ઈશ્વર છે"ના પડાવો પર પૂર્ણ....

પોરબંદરમાં લાલજી ગાંધીથી વ્યવહાર શરૂ થયો, તેમની ત્રીજી પેઢીમાં ઉત્તમચંદ ગાંધી આવ્યા, સિદ્ધાંતવાદી અને નિતીવાન હોવાથી વહીવટી બાબતે રાજ્ય સાથે વાંધો પડ્યો. તેમના ઘર પર તોપમારો પણ થયો હતો. તેમણે જૂનાગઢ રાજ્યમાં નોકરી શરૂ કરી અને ડાબા હાથે સલામ મારી. સવાલ પૂછતા કહ્યું હતું કે જમણો હાથ પોરબંદર રાજ્ય પાસે છે.... આ ઓતા બાપુના પાંચમા પુત્ર એટલે કરમચંદ ગાંધી.

કરમચંદ ઉર્ફે કબા ગાંધીના ત્રણ લગ્ન થયેલા, જેમાં બે પુત્રીઓ. ચાલીસ વર્ષની વયે ચોથા લગ્ન જૂનાગઢ પાસે દત્રાણાના પંદર વર્ષના અત્યંત ધાર્મિક એવા પૂતળીબાઈ સાથે....પુતળીબાઈને



ચાર સંતાન... લક્ષ્મીદાસ, પુત્રી રતિયાળબા કે બાળ વિધવા હતાં અને આખી જિંદગી (૯૦વર્ષ) ઘરમાં જ રહ્યા. ગાંધીજીએ પણ ઘણા પ્રયાસો કર્યા...ત્યારબાદ કરસનદાસ અને ચોથા આપણા મોહનદાસ... આમ ગાંધી તેમના પિતાની ચોથી પત્નીના ચોથા સંતાન...મા પૂતળીબાઈ ચૂસ્ત પ્રણામી સંપ્રદાયી..

ગાંધીજીના જીવનમાં ટોલ્સટોય, રસ્કિન, થોરો કે શ્રીમદ રાજચંદ્ર એટલા માટે આવ્યા કે તેમનું બાળપણથી ઘડતર જ મહાન હતું. થોડી બાળપણને સ્કૂલની વાતો કરીએ....



**દેવલ શાસ્ત્રી**
**સંકલન**

બાળપણમાં એક મિત્રને પોતાના ઘરે કેરીનો રસનું ભોજન માટે આમંત્રણ આપ્યું હતું, સંજોગોવસાત છેલ્લી ઘડીએ ભૂલી ગયા. આ ઘટનાથી ગાંધી અત્યંત દુઃખી થયા હતાં. બધાની સમજાવટ છતાં આખી સિઝન કેરીનો ત્યાગ કર્યો હતો.

ગાંધીના શૈક્ષણિક જીવનનો પ્રારંભ પોરબંદરથી શરૂ થયો. રંભા નામની ઘરકામ કરતી બાઈએ અંધકારમાં ડર લાગતા પાંચ વર્ષના ગાંધીને રામનો મંત્ર આપ્યો અને આનંદજી અધ્યારૂ નામના શિક્ષકે રામરક્ષા સ્તોત્ર શીખવાડ્યો.

માતા નિયમિત હવેલી લઈ જતાં, પણ ગાંધી હવેલીથી ખાસ પ્રભાવિત ન થયા. કબા ગાંધી પોરબંદરથી રાજકોટ આવ્યું, અહીં ગાંધીનું શિક્ષણ શરૂ થયું. ઘરમાં અનેક લોકોની અવરજવર અને રાજકીય ચર્ચા વચ્ચે લોકમાનસને ઓળખવાના પાઠ ગાંધી તેમના પિતા પાસેથી શીખ્યા, પણ ચાર લગ્ન કરેલા પિતા સામે થોડો અણગમો પણ રહેલો.

૧૮૭૭ અને ૧૮૭૮માં પહેલું અને બીજું ધોરણનો અભ્યાસ કર્યો હતો.

રાજકોટમાં બ્રાન્ચ સ્કૂલમાં બીજા ધોરણમાં નપાસની નોંધ હોવા છતાં બધા વિષયમાં નપાસ ન હોવાથી આગળના ધોરણમાં તેમને ચડાવવામાં આવ્યા હતાં. બીજા ધોરણમાં તેઓ બિમાર હોવાની નોંધ પણ છે. ત્રીજા ધોરણમાં તાલુકા સ્કૂલમાં દાખલો લીધો. જ્યાં તેમની જન્મતારીખ ૨.૯.૧૮૬૯ નોંધ કરવામાં આવી હતી. ત્રીજું ધોરણ ૧૧૦ દિવસની ગેરહાજરી સાથે ૪૧.૨૫% સાથે અને ચોથું ધોરણ ૪૮ દિવસની ગેરહાજરી સાથે ૫૩.૫૦% મેળવી પાસ કર્યું. આજ સમયમાં ચામડીના રોગ ધરાવતા શિક્ષકને વિદ્યાર્થીઓને સ્પર્શવા નહીં એવું હિંમત સાથે કહ્યું હતું.

ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં જવા માટે ખાસ પરીક્ષા આપવી પડતી અને તે પછી પહેલેથી સાત ધોરણ અંગ્રેજી માધ્યમમાં ભણવા પડતાં, અંગ્રેજી સાતમું ધોરણ એટલે મેટ્રીક....

ચોથા ધોરણમાંથી અંગ્રેજી માધ્યમના કાઠિયાવાડ હાઈસ્કૂલમાં પહેલાં ધોરણમાં અઢારમા ક્રમે પ્રવેશ લીધો હતો. અંગ્રેજી માધ્યમમાં બીજા ધોરણમાં કસ્તુરબા સાથે લગ્ન થતાં પાછા અભ્યાસમાં નબળા પડ્યા હતાં. બીજા ધોરણમાં બે વર્ષ બગડતાં ત્રીજું અને ચોથું એક સાથે પૂરું કર્યું હતું.

છઠ્ઠા ધોરણમાં વાર્ષિક પરીક્ષામાં ૪૯.૪% સાથે પાસ થતાં બી.જે. મેડિકલ, અમદાવાદમાં સ્કોલરશીપ સાથે એડમિશન મળી ગયું હતું. તે સમયે મેડિકલ માટે અઢાર વર્ષ અને અંગ્રેજી પાંચમું ધોરણ પાસની લાયકાત જરૂરી હતી.

ગાંધીજીએ સાતમું ધોરણ એટલે કે મેટ્રિક અઢારમા વર્ષે અમદાવાદ સેન્ટરમાં આપી, જ્યાં ૩૦૬૭ વિદ્યાર્થીઓમાંથી ૪૦૪મા ક્રમે ૩૯.૬% સાથે પાસ કરી હતી. ભાવનગર શામળદાસ કોલેજ જોઈન કરી, પણ ખાસ ન જામતા બ્રિટનમાં બેરીસ્ટરી કરવા નીકળ્યા. તેમની સ્કૂલમાં સન્માન સમારંભમાં બોલ્યા હતાં કે દેશ માટે શહીદ થઈશ.

વણિક સમાજમાંથી પ્રથમ કોઈ યુવક બ્રિટન જતાં નાતબહાર કરવામાં આવ્યા. આ જ સમાજે ૧૯૨૮માં મહાન વ્યક્તિ તરીકે સન્માન કર્યું હતુંપ

બ્રિટનમાં કાયદાનો અભ્યાસ સારી રીતે કરી શકાય તે માટે ફરીથી લેટિન અને ફ્રેન્ચ ભાષા સાથે મેટ્રિકની પરીક્ષા આપી હતી, જેમાં પહેલીવાર નપાસ થયા પણ બીજો પ્રયત્ન સફળ રહ્યો. તેમણે જ્યાંથી બેરીસ્ટરી કરી ત્યાંથી સરદાર અને નેહરૂએ પણ અભ્યાસ કર્યો હતો.

# સિંધુ બોર્ડરનું નામ : ચોર-લૂંટારા સામેની લાઠીઓની પ્રથમ લડાઈને કારણે....

દેશની રાજધાની દિલ્હીની સિંધુ બોર્ડર, ટિકરી વિસ્તારમાં નવા કૃષિ કાનુન રદ કરવા માટે છેલ્લા બે માસથી ખેડૂતોનુ આંદોલન ચાલી રહ્યું છે જેમાં સિંધુ બોર્ડરનું નામ મોટાભાગના દિલ્હીવાસીઓ અને પંજાબના લોકોમાં જાણીતુ હતુ... પરંતુ દેશના લોકો આ નામ જાણતા ન હતા. ખેડૂત આંદોલન શરૂ થતા પંજાબ દિલ્હીને જોડતી સિંધુ બોર્ડર નામ ધીરી ગતીએ જાણીતુ થઈ ગયું. અને તેમા પંજાબના ખેડૂતો સિંધુ બોર્ડર અને ટિકરી વિસ્તારમા મોટી સંખ્યામાં કૃષિ કાનુન રદ કરવા માટે આંદોલન ચલાવી રહ્યા છે. જ્યારે કે ગાજીપુર બોર્ડર વિસ્તારમાં હરિયાણા,રાજસ્થાન,મહારાષ્ટ્રના ખેડૂતો સહિત અન્ય રાજ્યના ખેડૂતો અંદોલનમાં જોડાયેલા છે. આમ છતાં દેશભરના લોકોની નજર દિલ્હી પ્રવેશની સિંધુ બોર્ડર પર જામેલી રહી હતી અને છે.આદોલનના ૧૫ દિવસ પછી વિશ્વના કેટલાક દશોમા સિંધુ બોર્ડરનુ નામ પહોંચી ગયું અને સિંધુ નામ દેશ-વિદેશમાં જાણીતું થઇ ગયું. પરંતુ આ સિન્ધુ નામ પાછળનો જે તે સમયનો મોટો ઈતિહાસ છૂપાયેલો છે. જેમાં અગાઉના સમયમાં કે જ્યારે બંદુકો,તોપો કે અત્યારના સમય જેવા શસ્ત્રો હતા નહી. ચોર-લુટારા લાઠીઓ લઈને કોઈ પણ સ્થળ પર ત્રાટકતા હતા અને ઊંટો, ભેંસો, બકરીઓ,બળદો તથા બળદ ગાડા વગેરે ઉઠાવી જતા હતા. ૧૯૪૯ના સમયમા ચોર-લૂટારા લૂંટ- ચોરી કરીને દિલ્હી તરફ ભાગતા સમયે કૈથલ જિલ્લાના કવારતન ગામના સિંધુ ચમાર નામના યુવાને તેના ૩૦ જેટલા મિત્રો સાથે દિલ્હી બોર્ડર પાસે ચોર-લુટારાઓનો લાઠીઓથી સામનો કર્યો હતો જે લાઠીમારી લડાઈ ૭ દિવસ ચાલી હતી.... આખરે ગરીબોને તેમના પશુ,બળદ તથા બળદ ગાડા,ઘર વખરી વગેરે પાછા અપાવ્યા હતા. આ સિવાય સિંધુ અને તેના મિત્રોએ લોકહિતના લોકોની ભલાઈ માટેના અનેક કામો કર્યા હતા....

સિંધુ બોર્ડરનો ઈતિહાસ બતાવતા શામલી ગામના ૯૬ વર્ષિય સંતા ગુર્જરે ૧૯૪૯ માં થયેલ પ્રથમ લાઠી લડાઈ બાબતે વાત કરતાં કહ્યું કે સિંધુ ચમાર જાતિના છે જે અત્યારે હૈયાત છે પણ લોકો તેને ભૂલી ગયા છે કે પછી જાણતા નથી. તેનો પરિવાર સાધારણ છે. સિંધુની ઘટનાના અનુસંધાને તેમણે કહ્યું કે એક સમયે ચોર-લૂંટારા સાથે સાત દિવસ સુધી લાઠીઓથી સામનો કરતા લડાઈ લડી તેમાં સિંધુ સાથે તેના ગામના ૨૫ થી ૩૦ દોસ્તો હતા.ચોર-લુટારા ૩૦૦ જેટલી ભેંસો, ૧૫૦ કરતા વધુ ઊંટો, ૨૦૦ જેટલી બકરીઓ, બળદો અને બળદગાડા લુટીને દિલ્હી તરફ જઈ રહ્યા હતા... ત્યારે સિંધુ અને તેના દોસ્તોએ તેમને અટકાવ્યા જેમાં આમનેસામને લાઠીઓ વિઝીને લડાઈ થઈ જે પ્રથમ લડાઈ હતી આખરે ગરીબોને તેમના પશુઓ, બળદ ગાડા વગેરે પાછા અપાવ્યા હતા. જો કે ચોર-લુટારા ટોળી સામે સિંધુ અને તેના મિત્રો વચ્ચે થયેલી લડાઈમાં તે સમયે આ રસ્તો બંધ કરી સીલ કરી દેવાયો હતો. આ પછી સિંધુ અને તેના મિત્રોને દિલ્હી પોલીસે ધરપકડ કરીને તિહાડ જેલમાં પૂરી દીધા હતા તિહાડ જેલમાંથી ચાર વર્ષ બાદ છૂટકારો થયો હતો ત્યારે સોનીપતના જાટ લોકો અને ઘરોડા ગામના રાજપૂતો તથા પાણીપતના જાટોએ સિંધુ અને તેમના મિત્રોનું બહુ મોટુ દિલથી સ્વાગત કર્યું હતું અને લોકો આજે સીલ કરેલા રસ્તાને સિંધુ બોર્ડર નામથી જાણે છે. પરંતુ સિંધુ હૈયાત છે પણ તેને ઓછા લોકો ઓળખે છે કે જાણે છે. ટૂંકમાં સમય સમય નો ઈતિહાસ અલગ-અલગ હોય છે અનેક એવા નામ કે સ્થળો છે કે જેનો ઈતિહાસ ભુલાઈ ગયો છે કે ભુસાઈ ગયો હશે....! છતાં સિંધુ બોર્ડનો ઈતિહાસ જાણવા મળ્યો.....!

# બાળાસાહેબનો ફોટો લગાવી શિવસેના ફેરિયાઓ પાસેથી ખંડણી વસૂલ કરે છે : સંદીપ દેશપાંડે

## પોલીસમાં ફરિયાદ કરવાની ચીમકી



ચક્રવાત ટીમ મુંબઈ તા ૪

શિવસેનાના કેટલાક તત્વો બાળાસાહેબ ઠાકરેનો ફોટો લગાવેલી પાવતી દ્વારા ફેરિયાઓ પાસેથી ખંડણી વસૂલ કરે છે તેવો આક્ષેપ મનસે નેતા સંદીપ દેશપાંડેએ આજે પત્રકાર પરિષદમાં કરી સનસનાટી ફેલાવી દીધી હતી. આ પાવતિમાં મુખ્પ્રધાન ઉદ્ધવ તેમ જ પર્યાવરણ પ્રધાન આદિત્યનો પણ ફોટો છે. રસ્તા પર ઉપદ્રવ ઓછો થાય તેમ જ કચરા નીરમુલાનના બહાને આ ખંડણી વસુલ કરવામાં આવે છે તેમ દેશપાંડેએ ઉમેર્યું હતું એટલુજ નહિ આ બાબતની પોલીસમાં ફરિયાદ કરી આવા લોકોની ધરપકડ કરવાની માગણી કરશે. સંદીપ દેશપાંડેએ થોડો સમય પહેલા વીરપ્પન ગેંગનું એન્કાઉન્ટર કરવાની ઘોષણા કરી હતી જેને લઇ શિવસેનાના અનેક નેતાઓના ભવા ખેંચાયા હતા. આજે પોતે આ ગેંગ કઈ રીતે ફેરિયાઓ પાસેથી ખંડણી ઉઘરાવી વસુલ કરે છે તે સાબિત કરવા આવી પાવતી પણ દર્શાવી હતી જેમાં બાળાસાહેબ ઉદ્ધવ અને આદિત્યના ફોટા છે. આમ દેશપાંડેએ શિવસેના પર આક્ષેપ કરતા રાજકીય ગરમાટો આવી ગયો છે. આવી પાવતી પર બાળાસાહેબની તસવીર જોઈ મને દુઃખ થાય છે તેમ કહેતા તેની આંખોમાં અશ્રુ આવી ગયા હતા. આ પાવતી લઈ અને જવાબદાર વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવાની ચીમકી પણ દેશપાંડેએ આપી હતી. આવતા વર્ષે મુંબઈ મહાપાલિકાની ચૂંટણી યોજાવાની છે ત્યારે દરેક રાજકીય પક્ષ એકબીજા સામે આક્ષેપો કરી રહ્યા છે.

# વિરાર શાકમાર્કેટ પાસે ફ્રી સ્ટાઈલ મારામારી ઈજાગ્રસ્ત ગંભીર મહિલા હોસ્પીટલમાં



ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

જમીન અંગેના કૌટુંબિક વિવાદમાં વિરાર ચર્ચામાં આવ્યો છે. મહિલા ફ્રી સ્ટાઈલની મારામારીમાં ઘાયલ થઈ હતી. આ ઘટના ૨ ફેબ્રુઆરીએ વિરારની પશ્ચિમમાં શાકભાજી બજાર વિસ્તારમાં બની હતી. તમામ પ્રકારની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ હુમલામાં આશા પાટીલ મહિલાને તેના પગ, માથા અને કમર પર ગંભીર ઈજાઓ થતા ઘાયલ થઈ હતી અને તેની વિરાર પશ્ચિમમાં મહાલક્ષ્મી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. વિરાર પોલીસ સ્ટેશનમાં એકતરફી કેસ નોંધવામાં આવ્યો છે. જોકે, ઈજાગ્રસ્ત મહિલાના સંબંધીઓએ આરોપ લગાવ્યો છે કે વિરાર પોલીસ ઈજાગ્રસ્ત મહિલા વતી ઘટનાના ૨૪ કલાક પછી પણ કેસ નોંધવાનું ટાળી રહી હતી. સ્મિતા શાહ બપોરે ૧૨ વાગ્યે વિરાર પશ્ચિમમાં માયા નિવાસ ભાજી માર્કેટ વિસ્તારમાં રસ્તા પર ચાલતી હતી. સ્મિતા શાહના બહેનનો પતિ પ્રકાશ ઠાકુર અને તેના પરિવારે આશા અનિલ પાટિલને અપશબ્દો કહેવાનું શરૂ કર્યું. મૌખિક દલીલે મારામારી ચાલુ થઈ હતી. ત્યારબાદ મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેને લાથાબુક્કાએ માર માર્યો હતો.

# સ્ટેમ્પ ડ્યુટીમા એક ટકાના વધારાએ જાન્યુઆરીમાં ઘરના વેચાણમાં ૪૮ ટકાનો ઘટાડો

## ડિસેમ્બરની તુલનાએ ૯,૦૦૦ થી વધુ ઘટાડો, ૬૮૦ કરોડ સામે ૩૦૫ કરોડ જાન્યુઆરીમા આવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

જાન્યુઆરીમાં મુંબઈ શહેર અને ઉપનગરોમાં ઘરના વેચાણમાં ૪૮ ટકાનો ઘટાડો થયો છે. ડિસેમ્બરની તુલનામાં, દસ્તાવેજોની સંખ્યામાં ૯,૦૦૦થી વધુ ઘટાડો થયો છે. આ સ્ટેમ્પ ડ્યુટીમાં નવા વર્ષથી એક ટકાનો વધારો થવાનું પરિણામ હોવાનું કહેવાય છે. રાજ્ય સરકારે કોરોના સંકટને કારણે સ્ટેમ્પ ડ્યુટીમાં ત્રણ ટકાનો ઘટાડો કર્યો હતો. આ ઘટાડો ૩૧ ડિસેમ્બર સુધી લાગુ રહ્યો હતો. તે જ સમયે, બિલ્ડરો રીઅલ એસ્ટેટ ક્ષેત્રને વેગ આપવા માટે વિવિધ છૂટછાટો આપી રહ્યા હતા. આ બધાના પરિણામે, ડિસેમ્બરમાં મુંબઈ શહેર અને પરામાં રેકોર્ડ ૧૯૫૮૦ દસ્તાવેજો વેચાણ માટે નોંધાયા હતા. હવે, જાન્યુઆરીમાં, તે નોંધપાત્ર ઘટાડો થયો છે. જાન્યુઆરી, ૨૦૨૧ થી સ્ટેમ્પ ડ્યુટીમાં ૧ ટકાનો વધારો થયો છે. કોરોનાની પૃષ્ઠભૂમિ સામે, ત્રણ ટકાનો ઘટાડો કરી ૨ ટકા થયો છે. તેથી, જાન્યુઆરી મહિનામાં ફક્ત ૧૦ હજાર ૪૧૨ નોંધણીઓ, એટલે કે, એટલા જ મકાનો વેચાયા હતા, એમ એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફિસે આપેલ માહિતી સામે આવેલ છે. ડિસેમ્બરની તુલનામાં જાન્યુઆરી ઘરનું વેચાણ ૯૧૬૮ ઘટી ગયું છે. સ્ટેમ્પ ડ્યુટીની બાબતમાં, દસ્તાવેજોની નોંધણી દ્વારા ડિસેમ્બરમાં ૬૮૦ કરોડ રૂપિયાની રકમ એકત્રિત કરવામાં આવી હતી. જાન્યુઆરીમાં આ આંકડો ૩૦૫ કરોડ રૂપિયા રહ્યો હતો. અલબત્ત, તેમાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો થયો. પાછલા વર્ષે જાન્યુઆરી ૨૦૨૦માં આ જ આંકડો રૂ .૪૫૪ કરોડ હતો.

# વિરારમા પાણીની ટાંકી સાફ કરતા યુવકનું મૃત્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

વિરારમા મનવેલપાડા વિસ્તારમા એક બિલ્ડીંગમા મિત્રો સાથે પાણીની ટાંકી સાફ કરવા ઉતરેલ ૨૬ વર્ષના યુવકને ચક્કર આવતા પાડતા તેને સારવાર માટે સંજીવની હોસ્પીટલમા લઈ જતા મૃત ઘોષિત કરવામા અવ્યો હતો. અર્નાલા પોલિસે અકસ્માતી મૃત્યુઈ નોંધ કરી કેસની તપાસ કરી રહી છે. વિરારના મનવેલપાડા વિસ્તારમા આવેલ શિવશક્તી ચાલીમા રહેતો હેમંત ધાપસી (૨૬) અને તેનો મિત્ર હિતેશ ચવ્હાણ ,રાજેશ ઝાલ્ટે ત્રણેય જણ મંગળવારે વિરાર પશ્રિમમા અગ્રવાલ નગરીના બિલ્ડીંગ નંબર ૧૩ની પાણીની ટાંકી સાફ કરવા ગયા હતા.ત્યારે હેમંત ટાંકી સાફ કરવા અંદર ઉતરતા અચાનક તેને ચક્કર આવતા તે પડી ગયો હતો.બંન્ને મિત્રો હેમંતને સંજીવની હોસ્પીટલમા લઈ ગયા હતા. પરંતુ ડોકટરે તપાસી તેને મૃત ઘોષિત કર્યો હતો.

# દેવીના જાગરણ માટે આવેલ કલાકારોને ઘેનયુક્ત દવા આપી લૂંટ



ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

કોલ્હાપુરમાં ખુલાસો થયો છે કે દેવીને જાગૃત કરવા લાતુરથી ફોન કરીને નવ કલાકારોને બોલાવીને લોજમા ઉતારો આપ્યા બાદ ઘેનયુકત દવા આપીને તેઓ પાસેથી સોનાના દાગીના અને રોકડની લૂંટ કરવામા આવી છે. ફરિયાદીઓને લૂંટનારાઓની છબિ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. દેવીને જાગૃત કરવાના બહાના હેઠળ લાતુરથી નવ કલાકારો જેમા ૫ મહિલા અને ૪ પુરૂષોને કોલ્હાપુર બોલાવવામાં આવ્યા હતા. લાતુરથી નવ લોકો કોલ્હાપુર ગયા હતા. તે બધા બિંદુ ચોક વિસ્તારમાં ગંજી ગલીમા આવેલા યાત્રી લોજમાં રોકાયા હતા. આરોપીએ ભોજનમાં નવ લોકોને ઘેનયુક્ત દવા આપી હતી. જ્યારે બધા બેભાન હતા, ત્યારે રાત્રે નવ લોકોના દાગીના અને પૈસા લઇને ઠગો ભાગી ગયા હતા. ફરિયાદીઓને બેભાન અને ગંભીર હાલતમાં કોલ્હાપુરની સીપીઆર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. લૂંટની ઘટનાથી કોલ્હાપુરમાં હંગામો મચી ગયો છે. પોલીસ શંકાસ્પદની શોધ કરી રહી છે.

# મુંબઈના વેપારી સાથે ૧૨ લાખ રૂપિયાનું ઓનલાઈન કૌભાંડ

## સાયબર સેલની સતર્કતાએ પૈસા પાછા મળ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

ઓનલાઈન છેતરપિંડીના કારણે લાખો મુંબઈકારો સાથે દરરોજ કરોડો રૂપિયાની ઠગાઈ કરવામા આવે છે. ઓનલાઈન કોઈની છેતરપિંડી કરવામાં આવી છે અને તેના પૈસા પાછા મળ્યા છે તે વિશે ક્યારેય સાંભળ્યું છે? પરંતુ આવો ચમત્કાર મુંબઈમાં બન્યો અને તે મુંબઈ પોલીસના સાયબર સેલે કર્યું હતું. મુંબઈમાં રહેતા મનોજ શાહ, મુંબઈના સ્ટીલના સૌથી મોટા વેપારીઓમાંના એક છે. ૨૫ જાન્યુઆરીની બપોરે એક મેસેજ આવ્યો કે મનોજ શાહના ખાતામાંથી ૧૨ લાખ ૭૦ હજાર રૂપિયા ઉપાડવામાં આવ્યા છે. પરંતુ મનોજ શાહે પૈસા બેંકમાથી કાઢ્યા ન હતા અથવા કોઈને ચેક આપ્યો ન હતો. મનોજ શાહે તરત જ બેંકમા ફોન કરતા.જાણ થઈ હતી કે તેઓ છેતરપીંદીઓ ભોગ બન્યા છે.. પરંતુ હવે પ્રશ્ન એ હતો કે શું કરવું. હકીકતમાં, ઓનલાઈન છેતરપિંડી પછી પૈસા પરત મળતા નથી, પરંતુ મનોજ શાહને તેના પૈસા પાછા મળી ગયા. હકીકતમાં, આ મુંબઈ પોલીસ સાયબર સેલની સતર્કતાએ તે બન્યુ છે. મનોજ શાહના ખાતામાંથી પૈસા ઓનલાઈન ઉપાડવામાં આવ્યા હતા. આ વાતની જાણ થતાં તેણે તરત જ મુંબઈ સાયબર સેલ પોલીસનો સંપર્ક કર્યો. મનોજે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે તાત્કાલિક આ બાબતની નોંધ લીધી હતી અને તપાસ ચાલુ કરી હતી. તે પછી પોલીસ મનોજ શાહના પૈસા પરત મળ્યા હતા. મુંબઈ સાયબર સેલે મનોજ શાહને મોટા નુકસાનથી બચાવ્યો. પરંતુ મનોજ શાહે હોશિયારી બતાવી હતી અને તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સાયબર નિષ્ણાતોના મતે, જો દરેક વ્યક્તિ સમાન બુદ્ધિ બતાવે તો આવી છેતરપિંડીથી બચી શકાય છે.

# વગર દસ્તાવેજોએ પાંચ થી સાત હજાર લઈ અધારકાર્ડ બનાવી આપનાર બે જણની ધરપકડ




ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઅરી

આધાર કાર્ડ બનાવવા માટે વ્યક્તિ પાસે કોઈ પૂરાવા ન હોવા છતા વધારે રૂપિયા પાંચ થી સાત હજાર લઈ બનાવી આપનાર બે જણની ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૧૧ના અધિકારીઓએ ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૧૧ના પીઆઈ સુનિલ માનેને માહિતી મળી હતી કે બોરીવલી પશ્રિમમા ચામુંડા સર્કલ પાસે આવેલ કેનેરા બેંકમા આધાર કાર્ડ બનાવવા માટે સેન્ટર બનાવવા આવેલ છે. ત્યાં આધાર કાર્ડ બનાવવા માટે જોઈતા પૂરવારૂપી દસ્તાવેજો વગર વધારે રૂપિયા પાંચથી સાત હજાર લઈને બનાવી આપવામા આવે છે. જેમા આધાર કાર્ડ કઢાવવા અવનાર વ્યક્તિ પાસેથી આધાર સેન્ટરના અધિકારીએ રહેવાશી મૂળ પૂરાવાના દસ્તાવેજો તપાસીને અરજી લઈને તેમા સહિ સિક્કા મારીને ઓપરેટર પાસે મોકલવવાનું હોય છે. ઓપરેટર દ્વારા તે સ્કેન કરીને વ્યક્તિની ફીંગર પ્રિન્ટ તેમજ આંખનો ફોટો લઈ ઓનલાઈન ફોર્મ ભરવાનું હોય છે. તે ઓનલાઈન ફોર્મ પેટે ૧૦૦ રૂપિયા ચાર્જ લેવાનો હોય છે. પરંતુ જે લોકો પાસે કોઈ પૂરાવા ન હોય તેની પાસેથી આધાર કાર્ડ સેન્ટર ચલાવનારા દ્વારા ૪ હજાર રૂપિયા લઈ એનરોલમેન્ટ નંબર ટ્રેકીંગ માટે આપતા હતા, ત્યાર બાદ તે રિજેકટ થતા 'ઈન્ટ્રોડ્યુસર' પર્યાય દ્વારા તેઓને આધાર કાર્ડ મેળવી આપતા હતા. કાયદેસર 'ઈન્ટ્રોડ્યુસર' એટલે આધાર કાર્ડ કઢાવનાર સાથેના પરિવારનો સભ્ય જ કરી શકે છે. પરંતુ વધારે પૈસા લઈ ગેરકાયદેસર આ સેન્ટરના સ્ટાફ દ્વારા આધાર કાર્ડ કાઢવામા મદદ કરતા હતા. પોલિસે ૨ /૦૨/૨૦૨૧ના રોજ તે ઠેકાણે છાપો મારી બે જણ જેમા ઓપરેટર અને એજન્ટની ધરપકડ કરીને તેઓ વિરુધ્ધ બોરીવલી પોલિસમા ગુનો નોંધાવ્યો હતો.આરોપીઓને કોર્ટમા રજૂ કરતા ૯ ફેબ્રુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.

# અકસ્માતમા બેવારસ મૃતદેહોની ઓળખ રેલ્વે પોલિસ માટે માથાનો દુખાવો

## કોરોનાને લઈને લોકડાઉને ૨૦૨૦ના વર્ષમા વસઈ રેલ્વે ડિવિઝનમા ૩૨ બેવારસ મૃતદેહ મળ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

કોરોનાકાળ દરમિયાન બંધ રહેલ રેલ્વે હવે ફરી પાટા પર દોડવા લાગતા પ્રવાશીઓને રાહત મળી છે.પણ ગયા વર્ષે ૨૦૨૦ દરમિયાન ૩૨ મૃતદેહ બેવારસ વસઈ રેલ્વે પોલિસને મળ્યાને તેની ઓળખ પટાવવા માટે રેલ્વે પોલિસને માટે એક મોટી મુશ્કેલી છે. કોરોનાને કારણે લોકડાઉન થતા રેલ્વે સેવા બંધ રહેતા અકસ્માતની સંખ્યામા ધરખમ ધટાડો થયો છે.તો પણ લોકડાઉનમા આવશ્યક સેવા માટે ચાલુ રહેલ ટ્રેન વ્યવહાર દરમિયાન રેલ્વેમા થયેલ અકસ્માતમા મૃતકોની ઓળખ નહિ થતા વસઈ પોલિસ યશ મળ્યો નથી. છેલ્લા છ વર્ષમા રેલ્વે અકસ્માતમા ૩૭૮ જણ મૃત્યુ પામ્યાની ઓળખ થઈ ન હોવાથી વસઈ રેલ્વે પોલિસ દ્વારા તે મૃતકોની ઓળક માટે તેઓના પરિવારને શોધવાનું કામ ચાલુ છે.વસઈ રેલ્વે પોલિસની હદમા મિરારોડથી વૈતરણાના ૮ રેલ્વે સ્ટેશનોમા, વિરાર, નાલાસોપારા, ભાયંદર, મિરારોડમા સૌથી વધારે ગિરદી સ્ટેશને હોય છે. વસઈ -વિરાર શહેરમા વસ્તીની સંખ્યામા વધારો થતા તેની સાથે રેલ્વેમા પન મુસાફરી કરતા પ્રવાશીઓની સંખ્યામા વધારો થયો છે.દરરોજ લાખો પ્રવાશીઓ મુસાફરી કરતા હોવાથી અ વિસ્તારમા અકસ્માતની સંખ્યામા પન વધારો જોવા મળે છે.લોકલમા ગરદીને લઈને ટ્રેનમાથી નીચે પડવુ ,ઓવરહેડ વાયરના તારને અડી જતા અકસ્માતની સંખ્યા મા તેમજ મૃત્યુમા વધારો થયો છે. બેવારસ મૃતદેહ રેલ્વે પોલિસને મળતા તેની પૂરી તપાસ કરી સાત દિવસ સુધી તેના પરિવારજનોની શોધ લેવામા આવે છે.આ બાબતે વ્યક્તિગત સ્થાનિક પોલિસ સ્ટેશનોને હાણ કરવામા અવે છે.દરેક પ્રક્રિયા પત્યા બાદ બેવારસ મૃતદેહની અંતિમક્રિયા કરવામા આવે છે.

# રાજ્યમાં ૧૫ ફેબ્રુઆરીથી કોલેજ ચાલુ ૫૦ ટકા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ અનિવાર્ય

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

કોરોના મહામારી દરમિયાન રાજ્યમાં બંધ કરવામાં આવેલી કોલેજો ૧૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે, એવી માહિતી રાજ્યના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ પ્રધાન ઉદય સામંતે આપી હતી. રાજ્યમાં શાળાઓની સાથે કોલેજ શરૂ કરવાની માગણી વિદ્યાર્થીઓછેલ્લાં કેટલાક દિવસથી કરી રેંા હતાં. આ મુદ્દે કેટલીક મહત્ત્વની બેઠકોમાં ચર્ચા-વિચારણા કર્યા બાદ ૧૫મી ફેબ્રુઆરીથી કોલેજ શરૂ કરવાની મંજૂરી મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આપી હતી. શરૂઆતી સમયમાં ૫૦ ટકા જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ સાથે કોલેજ શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને પદ્ધતિથી પરીક્ષા આપવાની છૂટ આપવામાં આવી છે. શાળા અથવા કોલેજમાં વિદ્યાર્થીઓની ૭૫ ટકા ટકા જેટલી ઉપસ્થિતિ અનિવાર્ય હોવાનો નિયમ આ વર્ષે સ્થગિત કરવામાં આવ્યો હોવાનું સામંતે વધુમાં જણાવ્યું હતું. કોલેજ મોડેથી શરૂ થઈ રહી હોવાથી તેની થોડી અસર વિદ્યાર્થીઓના પરિણામ પર જોવા મળશે. યુજીસી (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન)ની માર્ગદર્શિકા અનસાર રાજ્ય સરકારે કોલેજ શરૂ કરવાની પરવાનગી આપી છે. તેથી વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફને માસ્ક પહેરવા, હાથ વારંવાર સેનિટાઈઝ કરવા અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે. જે વિદ્યાર્થીઓ કોલેજમાં આવી શકે તેમ ન હોય તો તે માટે ઓનલાઈન લેક્ચર્સનો વિકલ્પ રહેશે, એવું રાજ્યના પ્રધાને જણાવ્યું હતું. યુનિવર્સિટીને વિદ્યાર્થીઓ પાસેથી ફી ભરવા માટે દબાણ ન કરવાનો નિર્દેશ આપ્યો છે અને આ માટે ઘડવામાં આવેલી સમિતિ વિદ્યાર્થીઓની ફી સંબંધિત ફરિયાદોની તપાસ કરી રહી છે. જો કોલેજો સરકારી આદેશ કે યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. બીજા અને અંતિમ વર્ષના કોર્સનું મોટા ભાગનું ભણતર ઓનલાઈન વર્ગોમાં આવરી લેવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

# દહીં ખાવા માટે પત્નીને છરી મારનાર શખ્સને ૮ વર્ષની જેલ

ચક્રવાત ટીમ,મુંબઈ ૪ ફેબ્રુઆરી

સેશન્સ કોર્ટે ૩૯ વર્ષીય વ્યક્તિને તેની પત્નીને દહીં ખાવા માટે રસોડાના છરી વડે હુમલો કરવા બદલ આઠ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

એડિશનલ સેશન્સ જજ સંજાશ્રી જે. ઘરતે સજાની માત્રા નક્કી કરતી વખતે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે સચિન માલોરે સામે સાબિત થયેલ ગુનો સ્વભાવમાં ગંભીર છે. આરોપી તરફ નરમાઈ બતાવી પીડિતાના દુખની અવગણના કરી શકાતી નથી, તેમ જજે જણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે, "આરોપીએ તેની જ પત્નીને મામુલી બાબતે ચાકુ માર્યુ હતુ. પરંતુ ઘટના સમયે ક્ષણભરના ગુસ્સામા તેણે આ,પગલુ ભર્યુ હતુ, કોઈ પહેલેથી પ્લાનીંગ કરી કરવામા આવ્યુ ન હતુ.કોર્ટે એમ પણ માન્યું હતું કે આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી અને ત્રણ વર્ષથી ૨૦૧૭ માં તેની ધરપકડ બાદ કસ્ટડીમાં હતો. સુનાવણી દરમિયાન તેની પત્ની રંજના માલોરે જેની સાથે તેની બે પુત્રી છે, તેણે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે તેનો પતિ, આલ્કોહોલિક હોવાથી, કેવી રીતે ઝઘડો કરે છે અને મામુલી મુદ્દાઓ પર તેને માર મારતો હતો. ૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ, કુટુંબ તેની ભાભીના અંતિમ સંસ્કારમાં હાજરી આપીને તેમના વતન મણગાંવથી પરત ફર્યા હતા રંજનાની માતાએ તેને થોડું દહીં ભરી દીધું હતું, જે તે ખાઇ રહી હતી, ત્યારે તેના પતિએ ખાવાની બાબતે ઝઘડો કરવા લાગ્યો હતો.અને રસોડાના છરી વડે હુમલો કર્યો. તેણે બચાવવા માટે બુમ પાડી હતી.અને તેના મકાનમાલિકની જમાઈ, જે ઉપર રહેતો હતો, તેના બચાવમાં આવ્યો હતો. જે દરમિયાન. તેનો પતિ ભાગી ગયો હતો. ત્યારબાદ તેણીએ નજીકમાં રહેતી તેની મોટી બહેનને વ્યક્તિની મદદથી ફોન કર્યો હતો. ત્યારબાદ તેની બહેને તેનું લોહીલુહાણ પેટ પર ટુવાલથી ઢાંકી દીધુ હતુ. અને તેને સાયન હોસ્પિટલમાં લઈ ગઈ હતી. હોસ્પિટલે પોલીસને જાણ કરી હતી અને ફરિયાદ નોંધાઈ હતી. સુનાવણી દરમિયાન, તેના મકાનમાલિકનો જમાઈ અને તેની બહેને તેમજ ડોકટરે સાક્ષી તરીકે હાજર થયા હતા. રંજનાને બે અઠવાડિયાથી વધુ સમય સુધી હોસ્પિટલમાં રોકાયા બાદ સારવાર આપતા એક ડોકટરે કોર્ટને કહ્યું હતું કે ઈજા એટલી ગંભીર હતી કે તે મૃત્યુનું કારણ બની શકત.

# બિલ્ડરને ખંડણી માટે ધમકી આપનાર છોટા રાજન ટોળકીનો સભ્ય છ વર્ષ બાદ પકડાયો

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

પનવેલના બિલ્ડરને રૂ. ૨૫ કરોડની ખંડણી માટે ધમકી આપવાના કેસમાં વર્ષથી ફરાર છોટા રાજન ટોળકીના સભ્યને ક્રાઈમ બ્રાન્ચે પૂનાથી પકડી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની ઓળખ પરમાનંદ હંસરાજ ઠક્કર (૫૬) તરીકે થઈ હોઈ તેને બાદમાં સીબીઆઈને હવાલે કરવામાં આવ્યો હતો. આરોપી વિરુદ્ધ ૨૯ ગુના નોંધાયેલા છે. પનવેલના બિલ્ડરની પુણેના માર્કેટયાર્ડ વિસ્તારમાં આવેલી જમીનના આરોપીએ બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા અને તે બાદમાં અશ્રૃવિન નાઈક પાસે ગયો હતો. જોકે બિલ્ડરે પોતાની પાસેના દસ્તાવેજો દેખાડ્યા બાદ નાઈકે આરોપીને કાઢી મૂક્યો હતો. આરોપી ત્યાર બાદ સુરેશ શિંદે નામના શખસ પાસે ગયો હતો. શિંદેએ છોટા રાજનનો સંપર્ક સાધીને તેને માહિતી આપી હતી. ત્યાર બાદ બિલ્ડરને છોટા રાજને ફોન કરીને ખંડણી માગી હતી, જેને પગલે પનવેલ શહેર પોલીસ સ્ટેશનમાં ૨૦૧૫માં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન આ કેસમાં ફરાર પરમાનંદ પુણેના કોંઢવા વિસ્તારમાં ભાડાના ઘરમાં રહેતો હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. આથી પોલીસ ટીમે છટકું ગોઠવીને પરમાનંદને ઝડપી પાડ્યો હતો. તે અહીં પત્ની સાથે રહેતો હતો.

# પરભણીમાં ગુનેગારો સાથે સબંધ રાખી તેઓને પ્રોત્સાહન આપનાર ૧૧ પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઆરી

ગુનેગારો ત્યારે જ ઘટાડી શકાય છે જ્યારે પોલીસ ગુનેગારો સામે કડક પગલા લેવા સજ્જ રહે. જો કે, જ્યારે પોલીસ ગુનેગારોને મદદ કરે છે ત્યારે સવાલ થાય છે કે શું ગુનો ઓછો થશે અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે. પરભણીમાં, પોલીસ અધિક્ષકએ આવા ગુનેગારોની મદદ કરનારા ૧૧ જણને તેમના આર્થિક લાભ માટે સસ્પેન્ડ કર્યા છે. પરભણી પોલીસ દળના કેટલાક કર્મચારીઓ, જે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જવાબદારી છે તેઓ દ્વારા ગુનાહિત લોકો પાસેથી પોતાના સ્વાર્થ માટે આર્થિક લાભ લઈ રહ્યા હોવાનું બહાર આવ્યું છે. પરભણી પોલીસ અધિક્ષક જયંત મીનાએ આવા ૧૧ વ્યક્તિઓને સસ્પેન્ડ કર્યા છે. હકીકતમાં, તે પૂર્વ પોલીસ અધિક્ષક કૃષ્ણકાંત ઉપાધ્યાયે હતો જેમણે ખાકીને કલંકિત કરનારા આવા પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી શરૂ કરી હતી. તેણે આવી ચાર વ્યક્તિઓને સસ્પેન્ડ કરી હતી અને એકને નોકરી પરથી બરખાસ્ત કરવામા આવ્યો હતો.. ઉપાધ્યાયના ગયા પછી આવેલા નવા પોલીસ અધિક્ષક જયંત મીનાએ પણ ૧૧ લોકોને સસ્પેન્ડ કર્યા છે.`પોલીસ વિભાગની આંતરિક બાબત હોવાનું જણાવી મીના કંઈ પણ આ બાબતે ખુલાસો કર્યો નથી. પરભણી જિલ્લામાં કુલ ૧૯ પોલીસ સ્ટેશન આવેલા છે. આ પોલીસ કર્મચારીઓમાંથી મોટાભાગના ગેરકાયદેસર દારૂના વેચાણ કરનારાઓ અને ગેરકાયદેસર વેપારીઓ સાથે સતત સંપર્કમાં રહે છે. કાર્યવાહી ન કરવા બદલ તેમની પાસેથી પૈસા લેતા હોવાનુ જાણવા મળે છે. મહત્વનું છે કે,અન્ય અધિકારી કારવાહી માટે આવતા હોવાની જાણ પોલીસ દ્વારા ગુનેગારોને કરવામાં આવે છે કે . આ ઉપરાંત કેટલાક જિલ્લામાં ગેરકાયદેસર રેતી માફિયાઓ પાસેથી કેટલાક હપ્તા પણ લેતા હોવાની બાબત બહાર આવતા પોલીસ અધિક્ષકે તેઓ વિરુધ્ધ કાર્યવાહી કરી છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૮૯ અને ચાંદીમાં રૂ.૯૮૩નો ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૪

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૧૩૬૮ સોદામાં રૂ. ૧૪૭૯૬.૫૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૯ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૯૮૩ ગબડ્યો હતો. જસત સિવાયની બિનલોહ ધાતુઓ વધી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, રબરમાં સુધારાના સંચાર સામે મેન્થા તેલ નરમ રહ્યું હતું.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૫૭૭૮ સોદાઓમાં રૂ. ૭૭૭૦.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૪૦૦ અને નીચામાં રૂ. ૪૭૩૦૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૮૯ ઘટીને રૂ. ૪૭૩૬૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૭ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૨૩૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૮ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૩૧ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૩ ઘટીને બંધમાં રૂ. ૪૭૩૩૦ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૭૭૮૩ ખૂલી, ઊપરમાં રૂ. ૬૮૧૮૪ અને નીચામાં રૂ. ૬૭૨૨૭ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૮૩ ઘટીને રૂ. ૬૭૫૮૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૯૭૯ ઘટીને રૂ. ૬૭૫૭૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૯૭૦ ઘટીને રૂ. ૬૭૫૬૮ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૯૨૦૨ સોદાઓમાં રૂ. ૩૦૪૨.૫૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૪૦૯૬ ખૂલી, ઊપરમાં રૂ. ૪૧૦૯ અને નીચામાં રૂ. ૪૦૮૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૬ વધીને રૂ. ૪૧૦૬ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૪૭૨ સોદાઓમાં કુલ રૂ. ૪૯૯.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૨૬૦ અને નીચામાં રૂ. ૨૧૧૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ વધીને રૂ. ૨૧૧૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ વધીને બંધમાં રૂ. ૯૭૮.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ. ૯૬૨ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૭.૯ અને નીચામાં રૂ. ૯૫૯ રહી, અંતે રૂ. ૯૬૪.૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૨૦૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૧૧ અને નીચામાં રૂ. ૧૨૦૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૫૦ વધીને રૂ. ૧૨૦૮.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૭૧૦૨ સોદાઓમાં કુલ રૂ. ૪૦૮૮.૬૭ કરોડ ની કીમતનાં ૮૬૧૬.૯૬૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૮૬૭૬ સોદાઓમાં કુલ રૂ. ૩૬૮૨.૦૫ કરોડ ની કીમતનાં ૫૪૩.૭૦૫ ટન, ક્રૂડ તેલમાં ૧૯૭૬૫ સોદાઓમાં રૂ. ૧૨૨૯.૭૫ કરોડનાં ૩૦૦૧૭૦૦ બેરલ્સ, કોટનમાં ૫૦૯ સોદાઓમાં રૂ. ૪૭.૪૭ કરોડનાં ૨૨૩૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૮૯૨ સોદાઓમાં રૂ. ૪૪૮.૮૫ કરોડનાં ૪૬૦૨૦ ટન, મેન્થા તેલમાં ૧૮ સોદાઓમાં રૂ. ૧.૯૮ કરોડનાં ૨૦.૫૨ ટન, કપાસમાં ૨૬ સોદાઓમાં રૂ. ૬૨.૮૦ લાખનાં ૧૦૪ ટનના વેપાર થયા હતા.

### કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા આગેવાનોને ટિકિટ આપવાના ગોઠવાતા ચોગઠા

# બગસરામાં ભાજપની ટિકિટ મેળવવા વાયા કોંગ્રેસનો દરવાજો!!

**વર્ષોથી ભાજપના કાર્યકર તરીકે કામ કર્યા બાદ કોંગ્રસીઓને ટિકિટની વાત સામે રોષનો માહોલ**

ચક્રવાત ટીમ અમરેલી, તા.૦૪

સમગ્ર રાજય સહિત અમરેલી જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડવા માટે આગેવાનો ટિકિટ મેળવવા માટે એડીચોટીનુ જોર લગાવવામાં આવી રહ્યુ છે. જો કે કોંગેસ છોડી ભાજપમાં આવેલાઓને ટિકિટ આપવાની ગતિવિધીઓ તેજ થતા ભાજપ કાર્યકરોમાં છાનેખુણે રોષ ફેલાયો છે. અમરેલી જિલ્લામાં બગસરા સહિત પાંચ નગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે બગસરામાં ઉમેદવારોના નામની જાહેરાત થાય તે પૂર્વે ભાજપ કાર્યકરોમાં છાનેખુણે રોષ ફેલાયો છે.

આ બાબતે અમુક ભાજપ કાર્યકરોએ જણાવ્યુ હતું કે પક્ષની વર્ષોથી સેવા અને કામગીરી કરી છે ત્યારે નગરપાલિકાની ચૂંટણી જાહેર થતાની સાથે જ કોંગ્રેસમાં કામ કરતા આગેવાનો હવે ભાજપમાં જોડાયા હતા અને ભાજપની કોઈપણ કામગીરી કર્યા વગર ભાજપમાંથી ટિકિટની માંગણી કરી છે જેમાં ભાજપના જવાબદાર નેતાએ આ બાબતે ખાતરી પણ આપી છે. કોંગી કાર્યકરોએ ભાજપમાં ટિકિટ મળે તે શરતોને આધારે જ કોગ્રેસમાંથી રાજીનામા આપ્યા હોવાની પણ જોરશોરથી ચર્ચાઓ થઈ રહી છે. જો ભાજપ આ રીતે કોંગી આગેવાનોને ચૂંટણી ટાણે ભાજપમાંથી ટિકિટ આપશે તો જે કાર્યકરો વર્ષોથી કામગીરી કરી રહ્યા છે તેઓમાં કચવાટની લાગણી ઉભી થઈ છે.

**પક્ષને વફાદારને ટિકિટ આપવામાં આવશે : ધારાસભ્ય કાકડીયા**

બગસરા પાલિકામાં જે કાર્યકરોએ પક્ષને વફાદાર રહી કામ કર્યુ છે તેવા કાર્યકરોને જ ટિકિટ આપવામાં આવશે પરંતુ અમુક ભાજપ કાર્યકરોએ એવો આક્ષેપ કર્યો છે કે ધારાસભ્યના ટેકેદારો ભાજપમાં આવ્યા હોવાથી ધારાસભ્ય તેમના ટેકેદારોને ટિકિટ મળે તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે જ્યારે કાર્યકરોના આ આક્ષેપને ધારાસભ્યએ ફગાવી દીધા હતા.

**ભાજપની ટિકિટ માટે વાયા કોંગ્રેસ**

બગસરા પાલિકાની ચૂંટણી માટે જે રીતે અમુક વોર્ડમાં કોંગ્રેસમાં હોદ્દો ભોગવી રહેલાઓને ચૂંટણી પૂર્વે ભાજપમાં પ્રવેશ આપી ભાજપમાંથી જે રીતે ટિકિટ આપવા માટે જે રીતે લોબીંગ કરવામાં આવી રહ્યુ છે તે જોતા તો જો ભાજપમાંથી ચૂંટણી લડવી હોય તો વાયા કોગ્રેસ કરવાથી મળી જશે તેવી ચર્ચાઓ ભાજપ કાર્યકરોમાં થઈ રહી છે.

# વાંકાનેર નજીક સીરામીક ફેકટરીમાં પાર્સલમાં બોમ્બ મોકલનાર આરોપીના જામીન મંજુર

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૪

ગત તારીખ ૦૭/૦૧ ના રોજ વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ પર આવેલ સેટમેક્સ કારખાનાના સિક્યુરિટી ગાર્ડને એક ભાઈ પ્લાસ્ટિકની થેલી તથા એક ચિઠ્ઠી આપી નીકળી ગયેલ અને કહેલ કે તમારા કારખાનાના માલિકને આ પાર્સલ આપી દેજો અને ત્યારબાદ આ પાર્સલ સિક્યુરિટી ગાર્ડે કારખાના માલિકને પાર્સલની થેલી અને ચિઠ્ઠી આપેલ જે કારખાના માલિકે ખોલી ને જોતા એક સફેદ કલરનું લંબ ચોરસ જેવું બોક્સ હતું જેના ઉપર લાલ કલરની માર્કર પેનથી જીદ્દક્ટ લખેલ હતું જે બોક્સ ખોલી જોયેલ તો તેની અંદર ડિજિટલ ઘડિયાળ હતી જેમાં અંગ્રેજીમાં નંબર ચાલુ હતા. બાજુમાં સર્કિટ લગાડેલ હતી અને નાની બેટરી સાથે વાયર લગાડેલ હતા જે બોમ્બ જેવું લાગતા ફરિયાદીએ ઓફિસની બહાર નીકળી અને ખુલ્લી જગ્યામાં રાખી દીધેલ અને બોક્સ સાથે મોકલેલ ચિઠ્ઠીમાં લખેલ નંબર ઉપર આ કામના ફરિયાદીએ ફોન કરેલ તો ફોન રિસિવ થયેલ નહિ જેથી આ બનાવની જાણ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ તે અરસામાં આ કામના ફરીયાદીને આરોપીનો ફોન આવેલ અને હિન્દીમાં કહેલ ' સેટમેક્સ કે શેઠ બાત કર રહે હો ? ' જેથી આ કામના ફરિયાદીએ કહેલ કે ' આપ કોન બોલ રહે હો અને ત્યારબાદ આરોપીએ ફોન કાપી નાખેલ અને ત્યારબાદ આરોપી એ ફરિયાદિને ટેક્સ મેસેજ કરેલ ' મે જીતના બોલતા હું ઉતના સૂન વરના અપની મોત કા જીમેદાર તું હોંગા અગર અપની ફેમેલી કિ જાન પ્યારી હે તો...' સહિતના ધમકી ભર્યા મેસેજ મોકલેલ જે અંગે પોલીસ તપાસ બાદ કારખાનેદારે આરોપી સામે ફરિયાદ દાખલ થતા આ કામના પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને ત્યારબાદ આરોપીના એડવોકેટ મારફત નામદાર કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ અને આરોપી વકીલની દલીલ અને નામદાર કોર્ટનાં ચુકાદાઓ ધ્યાને લઈ નામદાર કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરતો હુકમ કરેલ છે. આ કામે આરોપી વતી એડવોકેટ તરીકે મુસ્કાન એસોસિયેટસના એડવોકેટ ભુપત એસ. લુંભાણી, શિરાકમુદિન એમ.શેરસીયા તથા એ.એ. માથકીયા રોકાયેલ હતા.

# અંબાજી જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વણઝારા સમાજ દ્વારા ટુર્નામેન્ટ યોજાઈ



ચક્રવાત ટીમ બનાસકાંઠા, તા.૦૪

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એવું જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી અંબાજી માં આવેલ જી.એમ. ડી.સી ગ્રાઉન્ડ ખાતે વણઝારા સમાજ દ્વારા દર વર્ષે ટુર્નામેન્ટનું આયોજન હર્ષોઉલ્લાસ સાથે કરાય છે અને ખેલાડીઓની અંદર પણ એક અનેરો ઉત્સાહ જોવા મળતો હોય છે ત્યારે આ વર્ષે પણ અહીં આગળ ટુર્નામેન્ટનું વણઝારા સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે અને આ ટુર્નામેન્ટ બે દિવસ સુધી વણજારા સમાજ દ્વારા રમાડવામાં આવશે ત્યારે અલગ અલગ આઠ ટીમો એ આ ટુર્નામેન્ટની અંદર ભાગ લીધો છે આબુરોડ ,ગાંધીનગર, ખેડબ્રહ્મા ,અંબાજી સહિત ટીમો એ ભાગ લીધો અને આ ટૂર્નામેન્ટનો લાભ ઉઠાવશે ત્યારે દર વર્ષે જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે વણઝારા સમાજ દ્વારા હર્ષોઉલ્લાસ સાથે ટુર્નામેન્ટનું આયોજન કરાતું હોય છે અને ખેલાડીઓ પણ હર્ષોઉલ્લાસ સાથે ભાગ લેતા હોય છે ત્યારે ચાલુ વર્ષે કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે આયોજકો દ્વારા આ કોરોના મહામારી ની પણ પુરતી તકેદારી રાખી સરકારની ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરી અને આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે અને આ ટુર્નામેન્ટનું આયોજન કરવા પાછળનો વણઝારા સમાજ નો એક જ ઉદ્દેશ એ છે કે મારો સમાજ ગૌરવશીલ સમાજ અને મારું સમાજ એક બને અને નેક બને તે હેતુથી દર વર્ષે વણઝારા સમાજ દ્વારા અહીં આગળ નું આયોજન કરવામાં આવે છે.

# વાંકાનેરમાં કલાવડી નજીકથી એક બોટલ દારૂ સાથે એક ઝડપાયો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૪



વાંકાનેર તાલુકાના કલાવડી ગામ નજીકથી વાંકાનેર તાલુકા પોલીસના પેટ્રોલિંગ દરમિયાન ત્યાંથી શંકાસ્પદ હાલતમાં પસાર થતી એક રિક્ષાને રોકી તલાસી લેતાં તેમાંથી એક બોટલ વિદેશી દારૂ મળી આવી હતી જેથી પોલીસે રિક્ષા ચાલકની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકા પોલીસ કો. અકિલભાઈ બાંભણીયા, હરિશ્ચંદ્રસિંહ ઝાલા, સંજયસિંહ જાડેજા, અજયસિંહ ઝાલા સહિતનો પોલીસ સ્ટાફ કલાવડી ગામના બોર્ડ પાસે પેટ્રોલિંગમાં હોય જે દરમિયાન ત્યાંથી શંકાસ્પદ હાલતમાં એક રિક્ષા નં. ય્ન ૧૨ મ્ ૪૧૩૬ પસાર થતા તેને રોકી ચેક કરતાં તેમાંથી એક બોટલ વિદેશી દારૂની મળી આવી હતી જેથી પોલીસ દ્વારા રૂ. ૬૦,૫૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી રિક્ષા ચાલક આરોપી મોહનભાઈ ગાભાભાઈ ગોયલ (ઉ.વ.૪૦)ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મહારાષ્ટ્રમાં આઈએએસ અધિકારીઓ, અમલદારોને દર વર્ષે ફક્ત ૩ ટ્રીપની મંજૂરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઅરી

મહારાષ્ટ્ર સરકારે આઈએએસ અધિકારીઓ અને રાજ્યના અમલદારોના વિદેશ પ્રવાસ માટે માર્ગદર્શિકા બહાર પાડી છે, તેમને એક વર્ષમાં ૧૫ દિવસથી વધુ નહીં માટે ત્રણ વિદેશ પ્રવાસની મંજૂરી આપવામાં આવશે. સોમવારે જારી કરાયેલા એક સરકારી ઠરાવ (જીઆર) મા જણાવ્યું હતું કે અમલદારોની વિદેશી યાત્રાઓ જરૂરી છે કે કેમ તે તપાસવા રાજ્યના મુખ્ય સચિવની અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે.તેમાં કહેવામાં આવ્યું છે કે અધિકારીઓ કે જેઓ વિદેશ અભ્યાસના પ્રવાસ પર જવા માંગતા હોય અથવા આંતરરાષ્ટ્રીય વર્કશોપમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તેમની મુલાકાત રાજ્ય માટે કેવી રીતે લાભકારક રહેશે તે સમજાવવું પડશે. જીઆર અનુસાર, વિદેશી મુસાફરીને 'સામૂહિક રૂપે ૧૫ દિવસથી વધુ નહીં માટે વર્ષમાં ત્રણ ટ્રીપ્સ' સુધી મર્યાદિત કરવામાં આવશે. માર્ગદર્શિકા અનુસાર, સંબંધિત વિભાગોના સચિવોને વિદેશી પ્રવાસ રાજ્ય માટે કેવી રીતે ફાયદાકારક રહેશે તે અંગેના પ્રમાણિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# મુંબઈમાં નાઈટલાઈફ શરૂ કરવા ૨૦૦ કરોડની જોગવાઈ કરતી પાલિકા

### ૬૫ જગા પર ૩૩૩૧ ફૂડ સ્ટોલ ઊભા કરાશે

ચક્રવાત ટીમ મુંબઈ તા ૪

શિવસેનાના યુવરાજ અને પર્યાવરણ પ્રધાન આદિત્ય ઠાકરેના મુંબઈ નાઈટ લાઈફ સ્વપ્ન પર કોવિડ ૧૯ મહામારીનેં કારણે બ્રેક લાગી હતી પરંતુ હવે આ બીમારી ઓછી થઈ છે લોકડાઉન ખુલી ગયું છે ત્યારે આદિત્યનું સ્વપ્ન પૂરું કરવા મુંબઈ મહાપાલિકાએ તૈયારી કરી લીધી છે વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના બજેટમાં આ માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. મુંબઈગરા અને અહી આવતા પ્રવાસીઓ રાતભર ખાણીપીણીની મહેફિલ માણી શકે તે માટે અંદાજે ૬૫ જગા પર ૩૩૩૧ જેટલા સ્ટોલ ઉભા કરાશે જે રાતના ૧૧થી સવારે ૬ સુધી ખુલ્લા રહેશે. એક જગ્યાએ ૩૦થી વધુ ફૂડસ્ટોલ હશે. આ તમામ જગ્યાની કુલ લંબાઈ ૧૯ કિલોમીટર હશે. આ ઉપરાંત પાદચારી માર્ગ ટ્રાફિક આઈલેન્ડ બ્રીજ નીચે ની ખુલ્લી જગા અને દીવાલો પર પેઈન્ટિંગ કરવામાં આવશે. આમ મુંબઈની નાઈટ લાઈફ શરૂ થતાં પાલિકાને આવક થશે. ગિરગામ ચોપાટીની મરાઠી રંગભૂમિ માટે ૧૭૫ કરોડની જોગવાઈ કરાઈ છે જેથી મરાઠી રંગભૂમિ ને પ્રોત્સાહન મળે. આ ઉપરાંત વરલીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું માછલીઘર બનાવશે તેમ જ સાગરી સંશોધન માટે કુલ ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ મહાપાલિકાના બજેટમાં કરવામાં આવી છે.

# ભાજપમાં ૬૦ થી વધુ ઉંમરના ઉમેદવારોને ટિકિટ ન આપવાના નિર્ણયને આવકારતા લલીત મહેતા



ચક્રવાત ટીમ, તા.૦૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માથે છે ત્યારે ઉમેદવારોની પસંદગી માટે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડે લીધેલ નિર્ણય મુજબ કોઈ પણ કાર્યકર્તા ૧). ત્રણ એટલે કે ૧૫ વર્ષ જે તે સંસ્થામાં સેવા આપી ચૂક્યા હોય, ૨). ૬૦ કરતાં વધુ ઉંમરનો હોય, અને ૩). સંગઠનના હોદ્દેદારો અને ભાજપના ચૂંટાયેલા પદાધિકારીઓના લોહીના સંબંધ ધરાવતા વારસદાર હોય તેવા કાર્યકર્તાને ભાજપની ટિકિટ આપવામાં નહીં આવે તેવા નિર્ણયને રાજ્યસભાના પૂર્વ સાંસદ લલીતભાઈ મહેતાએ આવકાર્યો છે. આ સાથે જ તેમણે વધુમાં જણાવ્યું હતું કે પક્ષના આ નિર્ણયને સ્થાપિત હિતો ન ઉભા થાય, યુવાન કાર્યકર્તાઓને તક મળે અને પરિવારવાદીતાથી બચી લોકતંત્રને ધબકતું રાખતી વ્યવસ્થા મુજબ પાર્ટીના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને એકાત્મ માનવદર્શનની વિચારધારાને પુરસ્કૃત કરતી કેડર દ્વારા જ પાર્ટીનો સર્વક્ષેત્રીય અને સર્વસ્પર્શી વિકાસ થાય તે સુનિશ્ચિત કરવાનું આવકારદાયક પગલું છે. માત્ર ને માત્ર સેવા-સમર્પણ ભાવ સાથે થતું કાર્ય જ પરિવર્તન લાવે છે એમ પૂર્વ સાંસદ સભ્ય લલિતભાઈ મહેતાએ અંતમાં જણાવ્યું હતું.

# દસાડા તાલુકાના ચૂંટણીઓમાં ભાજપ કોંગ્રેસ બન્ને પક્ષો ટિકિટોને લઈને અવઢમાં





ચક્રવાત ટીમ પાટડી, તા.૦૪

દસાડા તાલુકાના પાટડી નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે ત્યારે ભાજપ વિકાસનાં કામોમાં નિષ્ફળ હોય કયા ઉમેદવારને કીયા લડવવું એ મુદ્દાને લઈને અવઢમાં છે જિયારે કોંગ્રેસ તાલુકા અને નગરાલિકાઓમાં લોકોનો વિશ્વાસ ગુમાવી બેઠી છે એ પણ ઉમેદવારોને લઈને અવઢવમાં છે પ્રજા બન્નેથી નારાજ છે બન્ને પક્ષોમાં ક્યાંક ને ક્યાંક આતરિક ડખામાં છે એવું બને પક્ષોમાં કાર્યકર્તાને નારાજગી જોવા મળી છે.

# મહીસાગર તાલુકા પંચાયતની ૮૭૩ મતદાનમથકો પર ઈ.વી.એમ.થી ચૂંટણી



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૦૪

ઈ.વી.એમ.ના ફર્સ્ટ લેવલ ચેકીંગની મહીસાગર જિલ્લા મથકે કામગીરી ચાલી રહી છે જેમાં ભારત ઈલેક્ટ્રોનિસન દસ ઈજનેર દ્વારા CU માં અગાઉ જો કોઈ મત નાખવામાં આવેલ હોય અને તેમાં કોઈ ટેકનિકલ એરર છે કે કેમ, તે અગાઉની ચુંટણીમાં જે મતપત્રો વપરાયા હોય તે દૂર કરવા, તેના લેચ, કનેક્ટર ગ્રીન લાઈટ, મત નાખ્યા બાદ ગ્રીન લાઈટ થાય છે કે કેમ તેમજ બેલેટ યુનિટના તમામ બટન કામ કરે છે કે કેમ તે તમામ પ્રકારનું ચેકીંગ મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને રાજ્ય ચુંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર આર ઠક્કરની ઉપસ્થિતિમાં કામગીરી ચાલુ કરી હતી.

# જલેબી - ફફડા પછી મુંબઈમાં શિવસેના રમાડશે 'રાસગરબા'

ચક્રવાત ટીમ, મુબઈ ૪ ફેબ્રુઅરી

મુંબઈ મહાનગરપાલિકા માટેની ચૂંટણીઓ ની શિવસૈનિકોએ જય્યત તૈયારી કરી દીધી છે. શિવસેનાએ ગુજરાતી મતદારોને આકર્ષવા માટે થોડા દિવસો પહેલા એક ગુજરાતી રેલી કાઢી હતી . તે પછી ફરી એકવાર શિવસેના દ્વારા બીજો એક ભવ્ય સમારોહ યોજવામાં આવી રહ્યો છે. તેમજ ૨૧ ઉદ્યોગપતિઓ આ સમારોહમાં શિવસેનામાં જોડાશે. મુંબઈ મહાપાલિકાની ચૂંટણી માટે ભાજપ પણ કમર કસી રહ્યું છે. વિધાનસભાની ચૂંટણી બાદ શિવસેનાએ ભાજપ સાથે જોડાણ તોડ્યું હતું અને કોંગ્રેસ-એનસીપી સાથે રાજ્યમાં સત્તા સ્થાપિત કરી હતી અને ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા હતા. તે પછી શિવસેના સામે ભાજપે આક્રમક વલણ અપનાવ્યું છે. વળી, છેલ્લા ઘણાં વર્ષોથી મુંબઈ મહાપાલિકા પર શિવસેનાની સત્તાને ખેંચી પાડવા માટે ભાજપે મિશન મુંબઈની શરૂઆત કરી છે. તો મહાનગર પાલિકાને એક તરફ સત્તા મેળવવાનો પણ નિર્ણય લીધો છે. તો એક તરફ શિવસેનાએ ભાજપને સત્તાથી દૂર રાખવા માટે અભિયાન શરૂ કર્યું છે. શિવસેનાએ મુંબઈમાં ગુજરાતી ભાઈઓને આકર્ષવા માટે 'જલેબી ફાફડા, ઉદ્ધવ ઠાકરે આપડા' ટેગલાઈન સાથે થોડા દિવસોમાં મુંબઈમાં ગુજરાતી ભાઈઓનો મેળાવડો યોજ્યો હતો. ગુજરાતી ભાઈઓએ પણ આ મેળાવડાને સારો પ્રતિસાદ આપ્યો હતો. તે પછી ફરી એકવાર શિવસેના દ્વારા બીજી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. શિવસેનાના રાષ્ટ્રીય સંયોજક હેમરાજ શાહ એ મલાડમાં ૭ ફેબ્રુઆરીએ એક રેલીનું આયોજન કર્યું છે. જેમાં ૨૧ ઉદ્યોજકો/વેપારીઓ હાથે શિવબંધન બંધાવશે, એવી જાણકારી મળે છે.

# કલ્યાણમાં ફિલ્મી સ્ટાયલથી પોલીસ વાન પર હુમલો કરી આરોપીને ભગાવવામાં આવ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ૪ ફેબ્રુઅરી



મોબાઈલ સ્નેચિંગ કેસમાં આરોપીને લઈ જતા ક્રાઈમ બ્રાંચ પોલીસે કલ્યાણ પશ્ચિમમાં ઈરાની વસાહતનાં લોકો દ્વારા પથ્થરમારો કર્યો હતો. આરોપીના સાથીઓ અને તેના સબંધીઓએ પોલીસ સ્ક્વોડ પર જીવલેણ હુમલો કર્યો હતો, આરોપીને પોલીસ વાનમાંથી બહારં કાઢી અને હુમલો કરનારાઓ તેને લઈ ભાગી ગયા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. મોબાઈલ સ્નેચિંગ સાથે સંકળાયેલા આરોપીને વસઈ ક્રાઈમ બ્રાંચ પોલીસે ઈરાની વસાહત નજીકથી પકડી પાડ્યો હતો. રેલ્વે ફાટક બંધ હોવાથી પોલિસની કાર ફાટક પાસે ઉભી હતી. આરોપીના સાથીઓ અને ઈરાની સબંધીઓએ પોલીસ ટુકડી પર પથ્થરમારો શરૂ કર્યો હતો. જ્યારે બે પોલીસ જવાન ઘાયલ થયા છે. પોલીસની ગાડીમાં બેઠેલા આરોપીઓ સાથે ઈરાની હુમલો કરનારા ભાગી ગયા હતા. વર્ષ ૨૦૦૮ થી ઈરાની વસાહતોમાં ગયેલ પોલીસ ઉપર હુમલાની અનેક ઘટનાઓ બની છે. ખડકપાડા પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. કલ્યાણની પશ્ચિમમાં અંબિવલી વિસ્તારમાં ઈરાની વસાહત ચોરોની વસાહત તરીકે ઓળખાય છે. રાજ્ય સહિત દેશભરમાં અનેક ગુનાના કેસોના આરોપી આ વિસ્તારમાં રહે છે. જ્યારે પોલીસ કાર્યવાહી કરવા વિસ્તારમાં જાય છે, ત્યારે પોલીસ પર પણ આ પ્રકારનો હુમલો કરવામાં આવે છે અને આરોપીઓને અપહરણ કરવામાં આવે છે અથવા તેનો પ્રયાસ કરવામાં આવે છે. પોલીસ અનેક વખત ઈજાગ્રસ્ત થઈ છે. આ બાબતે મિરા-ભાયંદર,વસઈ -વિરાર પોલિસ કમિશ્નરેટના પીઆરઓનો સંપર્ક સાધવામા આવતા તેઓ પાસે હજી સુધી માહિતી આવી ન હોવાનું જણાવ્યુ હતુ.

# પોરબંદરમાં મોબાઈલ ટાવર ઉપરથી કેબલ વાયર ચોરનાર બે સગીરો ઝડપાયા

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪



પોરબંદરમાં મોબાઈલ ટાવરમાંથી કેબલવાયર કાપીને ચોરી જનારા બે સગીરોને પોલીસે પકડી પાડયા હતા. ચોરીનો વાયર ખરીદનાર શખ્સ કોથળો લઈને ઉભેલો મળી આવ્યા બાદ અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલાયો છે. પોરબંદરની છાંયા પંચાયત ચોકી નજીક વૈશાલીનગરમાં રહેતા ભરત વાઘ નામના યુવાને એવી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બાચકામાં તપાસ કરતા કોપરવાયરના બળેલા ગુંચરા કે જે અંદાજે પાંચ કીલો જેટલા હતા. તે અંગેનો કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો આથી આગવી ઢબે પુછપરછ કરવામાં આવતા કોથળો હાથમાં રાખીને ઉભેલા અને કર્લી રિવરફ્રન્ટ પાસે ઝુપડપટ્ટીમાં રહેતા બિરજુ દેવીસિંગ ચૌહાણ નામના બાવરી યુવાને એવું કબુલ્યું હતું કે, તેમને બે મહીના પહેલા આ બે સગીરવયના છોકરાઓએ આ કોપરવાયર વેચવા માટે આપ્યો હતો. બન્નેએ એવું કબુલ્યું હતું કે, લીબર્ટી શોપીંગ સેન્ટર ઉપર મોબાઈલ ટાવરમાં રહેલા કોપર વાયર કાપી, બાળી અને તેના ગુંચળા કાઢીને બીરજુને ૩૦૦૦ પિયામાં વહેંચ્યા હતા. આથી કીશોરોના વાલીઓને બોલાવી જાણ કરવામાં આવી હતી અને જેમની પાસેથી ચોરીનો ખરીદેલો માલ મળી આવ્યો હતો તે બીરજુને કોવિડ ટેસ્ટ માટે મોકલી દેવામાં આવ્યો હતો.

# પોરબંદરમાં એક મહિનાની નિઃશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪



પોરબંદરમાં એક મહિનાની નિઃશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ થયો છે જેનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. યોગ અને ધ્યાનના માધ્યમથી આજના યુગમાં મહીલાઓ વધુ માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય રાખી શકે છે. આજે યોગના કેવલ દેશમાં પણ વિદેશમાં પણ એક સ્વસ્થ જીવનનું માધ્યમ તરીકે સ્વીકૃતી મેળવી રહ્યું છે, ત્યારે આ યોગના વધુમાં વધુ પ્રચાર પ્રસાર માટે લાયોનેસ ક્લબ ઓફ પોરબંદર પણ આગળ આવ્યું છે. લાયોનેસ ક્લબ ઓફ પોરબંદર દ્વારા પણ મહિલાઓ અને બાળકો માટે એક મહીનાનો વિનામૂલ્યે ફ્રી ઓફ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલું છે. આ યોગ શિબિરમાં ટ્રેઈનર લાયોનેસ રેખાબેન રાયઠઠ્ઠા છે કે જેઓએ ગુજરાત યોગ બોર્ડ અને પતંજલી યોગા સેન્ટર અને આવા ઘણા યોગ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટથી પ્રશિક્ષણ મેળવ્યું છે. લાયોનેસ ક્લબના આ ફ્રી યોગા શિબિરનું ઉદઘાટન લાયોનેસ પ્રમુખ જ્યોતિબેન મસાણીના શુભ હસ્તે પરેશનગર પાર્ટી પ્લોટ મુકામે કરવામાં આવેલ. તેમણે આ પ્રસંગે સમાજ જીવનમાં યોગના ઉપયોગ વિશે જણાવતા કહ્યું હતું કે સ્વસ્થ માનવ જીવન માટે યોગ એક માત્ર એવી સાધના છે જેથી માણસ ખુદ પોતામાં રહેલ આંતરીક શક્તિઓને ઉજાગર કરી શકે છે અને કોરોના કાળમાં યોગથી પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારી મન અને તનની સ્વસ્થતા રાખી શકે છે તેમ જણાવી બહેનોને વધુમાં વધુ સંખ્યામાં જોડાવવા આહવાન કરતા કહ્યું હતું કે જ્યારે આપણી દેશની દરોહર યોગાને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્વીકૃતિ મળી છે. આપણે પણ યોગાને આપણા દૈનિક જીવનમાં સ્થાન આપવા જોઈએ. આ યો શિબિર પોરબંદરના અલગ-અલગ વિસ્તારોમાં ફ્રી રાખવામાં આવશે.

## ટેસ્ટ સિરીઝમાં ભારતમાં આઈપીએલ રમવાનો અનુભવ કામ આવશે નહીં

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૩

ઈંગ્લેન્ડની ટીમના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને ભારતમાં લીમિટેડ ઓવરની ક્રિકેટ રમવાનો અનુભવ છે. પરંતુ તે ભારતમાં પહેલીવાર ટેસ્ટ મેચ રમવા માટે ૫ ફેબ્રુઆરીમાં મેદાનમાં ઉતરશે. બન્ને દેશો વચ્ચે શુક્રવારથી ૪ મેચની ટેસ્ટ સિરીઝ શરૂ થઈ રહી છે. આ દરમિયાન તેમણે યજમાન ટીમ સામે આગામી ટેસ્ટ સિરીઝ પહેલા કહ્યું છે કે ભારતમાં આઈપીએલ રમવાનો અનુભવ કામ નહીં આવે.

આર્ચર છેલ્લા કેટલાક સમયથી ભારતમાં આઈપીલ રમી રહ્યો છે, પરંતુ તે પહેલીવાર અહીંયા ટેસ્ટ મેચ રમશે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, ભારતની ટીમના ટોપ-૬ બેટ્સમેનમાંથી દરેક સદી ફટકારવા માટે સક્ષમ છે. જોફ્રા આર્ચર, બેન સ્ટોક્સ અને ઓપનર બેટ્સમેન રોરી બર્ન્સ ઈંગ્લેન્ડના શ્રીલંકા પ્રવાસ દરમિયાન આરામ આપવામાં આવ્યો હતો. એવામાં આ ખેલાડીઓ ટીમ પહેલા જ ભારત આવી ગયા હતા અને તેમણે તેમની ટીમ પહેલા જ ચેન્નાઈમાં પ્રેકટીસ શરૂ કરી દીધી હતી.

ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે વર્ચુઅલ પ્રેસ કોન્ફરન્સમાં પૂરી ભારતીય બેટિંગ લાઈનને સંભવિત ખતરો બતાવી છે, આમ કહેતા કે નંબર ૧થી ૬ સુધીના તમામ બેટ્સમેન સદી ફટકારવાની ક્ષમતા રાખે છે.

## ચેન્નાઈના ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ સામે છેલ્લા ૩૫ વર્ષથી અજય છે ભારત



ચેન્નાઈ,તા.૪

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૪ ટેસ્ટ મેચની શ્રેણી આવતીકાલે શરૂ થઈ રહી છે. પ્રથમ ટેસ્ટ ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં રમાશે. ઈંગ્લેન્ડની ટીમ ૩૫ વર્ષથી ભારતને આ મેદાન પર હરાવી શકી નથી. ઈંગ્લિશ ટીમે છેલ્લે ૧૯૮૫માં ચેપોકમાં જીત મેળવી હતી. આ પછી, ભારતે આ ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ સામે સતત ૩ ટેસ્ટ જીતી હતી.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચેપોકમાં છેલ્લી ટેસ્ટ ૨૦૧૬માં રમાઈ હતી. ત્યારે ટીમ ઈન્ડિયાએ ઈંગ્લિશ ટીમને ઈનિંગ્સ અને ૭૫ રનથી માત આપી હતી. ૪ વર્ષ પછી બંને ટીમો ફરી એક વખત અહીં આમને-સામને થશે. ભારતીય કેપ્ટન વિરાટ કોહલી પેટરનિટી લીવ બાદ ટીમમાં વાપસી કરી રહ્યો છે.

ભારતમાં ૧૦ મહિના અને ૨૬ દિવસ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે. છેલ્લા ૨૮ વર્ષમાં દેશમાં બે આંતરરાષ્ટ્રીય મેચો વચ્ચે આ સૌથી લાંબુ અંતર હશે. ભારતમાં છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૧૦ માર્ચ ૨૦૨૦ના રોજ ગ્રેટર નોઈડામાં આયર્લેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે રમાઈ હતી. આ પછી, કોરોનાને કારણે કોઈ મેચ થઈ ન હતી.

ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાને તેના ઘરે હરાવીને પરત ફરી છે. સીનિયર નહીં પણ યુવા ખેલાડીઓના દમ પર ભારતે ટેસ્ટ શ્રેણી ૨-૧થી જીતી હતી. તે જ સમયે, ઈંગ્લેન્ડની ટીમ શ્રીલંકાનો તેના ઘરઆંગણે ૨-૦થી વ્હાઈટવોશ કરીને ભારત આવી છે. તેવામાં બંને વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી શકે છે. ભારતીય ટીમ ચેપોકમાં છેલ્લા ૨૨ વર્ષથી એક પણ ટેસ્ટ હારી નથી. ભારતે છેલ્લે જાન્યુઆરી ૧૯૯૯માં પાકિસ્તાન સામે ૧૨ રને મેચ ગુમાવી હતી.

## રિહાનાનો ઈન્ટરવ્યૂ લેવો એ મારા માટે ગર્વની વાત હશે : મોન્ટી પાનસર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩

દેશમાં ચાલી રહેલ ખેડૂત આંદોલનમાં હવે ઈન્ટરનેશનલ સ્ટારની એન્ટ્રી થઈ ગઈ છે. ખેડૂત આંદોલનને લઈને હોલિવૂડ સ્ટાર રિહાનાએ ભારતમાં ચાલી રહેલ ખેડૂત આંદોલનને લઈને બે ફેબ્રુઆરીના રોજ રાત્રે એક ટ્વીટ કર્યું હતું. રિહાનાએ એક રિપોર્ટની લિંક શેર કરતાં આંદોલન દરમિયાન ઈન્ટરનેટ સેવા રોકવા પર સવાલ ઉઠાવ્યા છે. રિહાનાએ આ મુદ્દે ટ્વીટ કરતાં જ સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો. પોતાના આ ટ્વીટ બાદ રિહાના ભારતમાં ટોપ ટ્વીટર ટ્રેન્ડ બની ગઈ છે. કોઈ તેને પબ્લિસિટી સ્ટન્ટ ગણાવે છે તો કોઈ રિહાનાના વખાણ કરી રહ્યા છે. અનેક મોટા ભારતીય સ્ટાર પણ રિહાનાનું સમર્થન કરી રહ્યા છે તો કેટલાકે કહ્યું કે આ ભારતનો આંતરિક મામલો છે, તેમાં દખલ ન દેવી જોઈએ. આ મામલે ઈંગ્લેન્ડના સ્ટાર ક્રિકેટરે રિહાને ટ્વીટમાં જવાબ આપતા કહ્યું કે,

તે ઈચ્છે તો તેની સાથે ખેડૂતો આંદોલન મુદ્દે ઈન્ટરવ્યૂ આપી શકે છે. મોન્ટી પાનસરે કહ્યું કે, મારા શો 'ધ ફુલ મોન્ટી'માં આ શનિવારે ખેડૂતો આંદોલન મુદ્દે તમારો (રિહાના)નો ઈન્ટરવ્યૂ લેવો એ મારા માટે ગર્વની વાત હશે. જોકે મોન્ટીના આ ટ્વીટને રિહાનાએ હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી.

## ભારતીય ક્રિકેટર રાહુલ ટીવેટીયાએ કરી સગાઈ : ફેસબુક પર આપી જાણકારી



મુંબઈ,તા.૪

રાજસ્થાન રોયલ્સના ઓલરાઉન્ડર રાહુલ તેવટિયાએ બુધવારે રિદ્ધિ પનુ સાથે સગાઈ કરી છે. રાહુલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને સગાઈ વિશે જાણકારી આપી. તેણે લખ્યું, "૩-૨-૨૦૨૧. (રિંગ ઈમોજી). (હાર્ટ ઈમોજી)." રિદ્ધિ વ્યવસાયે શું કરે છે તે અંગે હજી જાણકારી મળી નથી. તેણે તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું છે. તેમાં માત્ર એક જ પોસ્ટ છે, જે તેણે આજે સગાઈની જાહેરાત કરવા કરી છે. રાહુલ IPL ૨૦૨૦ની સીઝનમાં રાજસ્થાન રોયલ્સ વતી રમતાં કિંગ્સ ઈલેવન પંજાબ સામેની મેચમાં લાઈમલાઈટમાં આવ્યો હતો. તેણે શારજાહ ખાતે વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર શેલ્ડન કોટરેલની બોલિંગમાં એક ઓવરમાં સતત ૫ સિક્સ મારીને પંજાબને ૨૨૪ રનનો ટાર્ગેટ ચેઝ કરતાં મેચ જિતાડી હતી. રાહુલે ૩ ફેબ્રુઆરીએ નજીકના મિત્રોની હાજરીમાં રિદ્ધિ સાથે સગાઈ કરી. આ એંગેજમેન્ટમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો પ્લેયર નીતિશ રાણા પણ હાજર રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં યુઝવેન્દ્ર ચહલ, વરુણ ચક્રવર્તી, હાર્દિક પંડ્યા અને જયદેવ ઉનડકટે લગ્ન કર્યા છે. રાહુલ ક્યારે લગ્ન કરશે તે અંગે હજી કોઈ જાણકારી મળી નથી.

## ખેડૂતો પર અમને ગર્વ,અમે જાણીએ છીએ તેઓ કેટલા મહત્વના : ઓઝાનો રીહાન્નાને જવાબ



(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૩

બાર્બાડોસની આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી જાણીતી પોપ સ્ટાર રીહાન્નાને ખેડૂત આંદોલનને સપોર્ટ કરવા બદલ ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂતપૂર્વ ભારતીય બોલર પ્રજ્ઞાન ઓઝાએ પણ ભારતની આંતરિક બાબતો દખલ દોવ પર કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે ટ્વિટનો જવાબ આપતા લખ્યું, મારો દેશ અમારા ખેડૂતો પર ગર્વ કરે છે અને તેઓ જાણે છે કે તેઓ કેટલા મહત્ત્વના છે. ૨૦૨૦ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયેલા બોલરે આગળ લખ્યું કે, મને વિશ્વાસ છે કે આ મામલો જલ્દીથી ઉકેલી લેવામાં આવશે. અમને અમારા આંતરિક બાબતોમાં કોઈ બહારના વ્યક્તિની દખલની જરૂર નથી. તમને જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારના કૃષિ કાયદા અંગે ખેડુતો બે મહિનાથી વધુ સમયથી આંદોલન કરી રહ્યા છે. પ્રજાસત્તાક દિનના વિશેષ દિવસે દિલ્હીના લાલ કિલ્લા પર ભારે હોબાળો થયો હતો. ત્યાર બાદ દિલ્હીની સરહદો પર સુરક્ષા કડક કરવામાં આવી છે અને વિરોધ સ્થળોએ ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે.

## ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી બોલર અશોક ડિંડાએ જાહેર કરી નિવૃત્તિ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૩

ભારતીય ક્રિકેટ તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચુકેલા ફાસ્ટ બોલર અશોક ડિંડા એ નિવૃતિની જાહેરાત કરી છે. મંગળવારે ડિંડાએ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃતિ લેવાનો નિર્ણય લીધો છે. કોલકત્તામાં મીડિયાને આ વાતની જાણકારી આપતા તેણે બધાનો આભાર માન્યો છે. આ ઘટનાએ ડિંડાના ચાહકોને ભારે આંચકો આપ્યો છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૪૨૦ વિકેટ ઝડપનાર આ બોલર હાલમાં સમાપ્ત થયેલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રહ્યો હતો. ડિંડાએ ભારત તરફથી કુલ ૧૩ વનડે અને ૯ ટી૨૦ મેચ રમી છે. વર્ષ ૨૦૧૦મા ઝિમ્બાબ્વે વિરુદ્ધ વનડે પર્દાપણ કરનાર આ બોલરે પોતાની છેલ્લી મેચ ૨૦૧૩માં ઈંગ્લેન્ડ સામે રમી હતી. વર્ષ ૨૦૦૯મા નાગપુર ટી૨૦થી અશોક ડિંડાએ પોતાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટની શરૂઆત કરી હતી. પાકિસ્તાન વિરુદ્ધ અમદાવાદમાં ૨૦૧૨માં આ ભારતીય ફાસ્ટ બોલરે અંતિમ ટી૨૦ મુકાબલો રમ્યો હતો. ડિંડાએ બંગાળની રણજી ટીમ તરફથી સ્થાનિક ક્રિકેટ મેચમાં પર્દાપણ કર્યુ હતું. એક દાયકા સુધી બંગાળની ટીમ તરફથી રમ્યા બાદ તેણે ગોવાની ટીમ તરફથી રમવાનો નિર્ણય લીધો હતો.

## પ્રિયંકા ચોપડાએ ૨૬૦૦ ડોલરના 'વ્હાઈટ ટાઈગર' ડ્રેસ ફોટો કર્યો શેર



(જી.એન.એસ.)મુંબઈ,તા.૩

બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધી સફળતાનો ઝંડો ફરકાવનારી પ્રિયંકા ચોપડા ઘણી વાર ચર્ચામાં રહે છે. ત્યારે હાલમાં તેના એક ફોટોને લઈને ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. પ્રિયંકાએ તેના કૂતરા સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, જેમાં તે બંને ટાઈગર પ્રિન્ટ ડ્રેસ પહેરેલી જોવા મળી રહી છે. પ્રિયંકા આ દિવસોમાં તેની ફિલ્મ 'ધ વ્હાઈટ ટાઈગર'ની સફળતાનો આનંદ માણી રહી છે. આ સિવાય પ્રિયંકા ઘણા શો પ્રોજેક્ટ્સમાં પણ કામ કરી રહી છે, તેમ છતાં તે તેના સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય રહે છે.

તે ફિલ્મ અને અંગત જીવનને લગતા તેના વીડિયો શેર કરતી રહે છે. પ્રિયંકાએ વ્હાઈટ ટાઈગર પટ્ટાવાળો ડ્રેસ પહેરીને ફોટો કર્યો છે જે ઈન્સ્ટાગ્રામ પર વ્હાઈટ ટાઈગર જેવો દેખાય છે. સાથે કેપ્શન પણ લખ્યું હતું કે 'વ્હાઈટ ટાઈગર અને તેનું બાળક'. સાથે 'ધ વ્હાઈટ ટાઈગર' હેશટેગ માર્યું છે. પ્રિયંકાએ હાઈનેક ડ્રેસ સાથે કાળા ચશ્માં પહેર્યા છે અને કાનમાં મોટી ઈયરિંગ્સ પહેરી છે. આ ફોટામાં પ્રિયંકા સુંદર દેખાઈ રહી છે. પરંતુ આ ડ્રેસની કિંમત સાંભળીને તમે ચોંકી જશો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ડ્રેસની કિંમત ૨૬૦૦ ડોલર છે,

જે લગભગ ભારત પ્રમાણે ૧ લાખ ૮૯ હજાર ૮૭૨ રૂપિયા થાય છે. પ્રિયંકાની ફિલ્મ 'ધ વ્હાઈટ ટાઈગર' ૧૩ જાન્યુઆરીએ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે. આ ફિલ્મ દર્શકોને ખૂબ પસંદ આવી રહી છે. આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરાને શ્રેષ્ઠ અભિનય બદલ ગોલ્ડ હાઉસ એવોર્ડ્સની શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી કેટેગરીમાં નામાંકિત કરવામાં આવી છે. આ ફિલ્મમાં તેની પાસે સ્ટાર રાજકુમાર રાવ અને આદર્શ ગૌરવ છે.

## રાની મુખર્જીએ કર્યો બ્લેક મૂવીની સફળતા બાદનો મોટો ખુલાસો : ફેમસ સ્ટારે લખ્યો હતો પત્ર

મુંબઈ,તા.૪ :- એક્ટ્રેસ રાની મુખર્જીની ફિલ્મ 'બ્લેક'ને ગુરુવારે ૧૬ વર્ષ પૂરા થયા છે. આ ફિલ્મ ૪ ફેબ્રુઆરી ૨૦૦૫ના રોજ રિલીઝ થઈ હતી. આ અવસરે રાનીએ કહ્યું, 'ફિલ્મ 'બ્લેક' માસ્ટર પીસ હતી તેમાં કોઈ શંકા નથી. જ્યારે સંજય લીલા ભણસાલીએ મને આ રોલ ઓફર કર્યો હતો ત્યારે હું આ ફિલ્મમાં કામ કરવાને લઈને વધુ સ્પષ્ટ ન હતી. તેનું કારણ એ ન હતું કે મારા મનમાં ફિલ્મ કે રોલને લઈને કોઈ શંકા હતી, પણ કારણ એ હતું કે ભણસાલી સાથે કામ કરવું કોઈપણ એક્ટરનું સપનું હોય છે.'

તેણે કહ્યું, 'ફિલ્મ માટે મારે ૬ મહિના સુધી ખરેખર ઘણી ટફ ટ્રેનિંગ કરવી પડી અને સાઈન લેન્ગવેજ શીખવી પડી હતી. આ દરમ્યાન દિવ્યાંગ લોકો સાથે મારો તેમની જ ભાષામાં સંવાદ ચાલતો રહેતો હતો અને આ રીતે હું ખુદને મિશેલના રોલમાં ઢાળી શકી હતી.'

રાનીએ કહ્યું, 'આ ફેક્ટ છે કે ફિલ્મ જોયા બાદ મિસ્ટર દિલીપ કુમારે મારા કામ અને મારા વખાણ કરતો એક લેટર લખ્યો હતો. એક એક્ટ્રેસ તરીકે દિલીપ કુમાર જેવા લેજન્ડ એક્ટરના વખાણ મળવા મારા માટે અદભુત વાત હતી. આટલા ઊંચા કદના મહાન એક્ટરની શાબાશી અને આશીર્વાદ મળવા મારા માટે કોઈ સન્માનની ઓછું નથી.'

તેણે આગળ કહ્યું, 'કારણકે મારા પિતાએ તેમની સાથે કામ કર્યું હતું માટે હું તેમના ઘણા કામ અને પ્રોફેશનલિઝ્મના કિસ્સા સાંભળીને મોટી થઈ છું. હું બાળપણથી જ તેમના કામની મોટી ફેન રહી છું. એક ફેમિલી તરીકે અમે તેમને હંમેશાં પરિવારના વડીલની નજરે જ જોઈએ છીએ, માટે સ્વાભાવિક છે કે મારા કામના વખાણમાં તેમણે લેટર લખ્યો એક એવી વસ્તુ છે જેને હું હંમેશાં યાદ રાખીશ.'



## સ્ટાર બન્યા પછી કેમ અચાનક ફ્લોપ થઈ ઉર્મિલા માંતોડકર

મુંબઈ,તા.૪

બોલિવૂડની રંગીલા ગર્લ ઉર્મિલા માર્તોંડકર ૪૬ વર્ષની થઈ ગઈ છે. ઉર્મિલાના ફિલ્મી કરિયરની વાત કરીએ તો ઉર્મિલાએ ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે ૧૯૮૦ની ફિલ્મ 'કલયુગ'થી બોલિવૂડ ડેબ્યુ કર્યું હતું. ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે તેને 'માસૂમ'થી ઓળખ મળી હતી. હિરોઈન તરીકે તેની પહેલી ફિલ્મ 'નરસિમ્હા' હતી, પણ તેને સાચી ઓળખ રામગોપાલ વર્માની 'રંગીલા'થી મળી. રંગીલામાં કામ કરવા દરમ્યાન જ રામગોપાલ ઉર્મિલાને દિલ દઈ બેઠા. ત્યાં સુધી કે રામુ તેમની ફિલ્મમાં માત્ર ઉર્મિલાને કાસ્ટ કરી રહ્યા હતા.

માત્ર રામગોપાલ વર્માની ફિલ્મો કરવાને કારણે ઉર્મિલાએ ઘણા અન્ય ડિરેક્ટર્સ સાથે કામ કરવાની ના પાડી દીધી હતી. કારણકે બોલિવૂડમાં રામગોપાલ વર્માને ઘણા લોકો સાથે બનતું ન હતું આ કારણે ઘણા ડિરેકટર્સે ઉર્મિલાને ફિલ્મોમાં લેવાનું જ બંધ કરી દીધું. ધીરે- ધીરે ઉર્મિલાને ફિલ્મો મળતી બંધ થઈ અને તેનું કરિયર ખરાબ થઈ ગયું.

રિપોર્ટ્સ અનુસાર, એક વખત ઉર્મિલા માટે રામગોપાલે માધુરી દીક્ષિતને પણ ફિલ્મમાંથી હટાવી દીધા હતા. ત્યારબાદ જ્યારે રાઝ છતો થયો ને ખબર પડી કે રામુ ઉર્મિલાને ખૂબ પ્રેમ કરતા હતા, આ જ કારણે ઉર્મિલાને ફિલ્મમાં સાઈન કરતા હતા. જોકે, આ વાત જ્યારે ઉર્મિલાને ખબર પડી તો તેણે રામગોપાલનું પ્રપોઝલ રિજેક્ટ કરી દીધું અને તેમની સાથે ફિલ્મો કરવાનું પણ બંધ કરી દીધું હતું.

રંગીલા પહેલાં રામગોપાલે ઉર્મિલાને ૧૯૯૨માં આવેલી તેલુગુ ફિલ્મ 'અંથમ', 'દ્રોહી' અને ૧૯૯૩માં રિલીઝ થયેલી 'ગાયમ'માં તક આપી હતી. એક સમય એવો હતો કે રામુ પોતાની ફિલ્મમાં ઉર્મિલાને જ કાસ્ટ કરતા હતા. ઉર્મિલા માટે રામગોપાલ એટલા પાગલ હતા કે તેમણે અંધેરી, મુંબઈમાં સ્થિત તેમની ઓફિસના એક રૂમનું નામ ઉર્મિલા માર્તોંડકર રાખી દીધું. રામુની ઓફિસના ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૫ રૂમ છે, જે એડિટિંગ, પોસ્ટ પ્રોડક્શન, સાઉન્ડ ડિપાર્ટમેન્ટ માટે યુઝ કરવામાં આવે છે.

ઉર્મિલાએ રામગોપાલ સાથે કુલ ૧૩ ફિલ્મોમાં કામ કર્યું જેમાં અંથમ, દ્રોહી, ગાયમ, અંગનગા, ઓકા રાજુ (બધી તેલુગુ), રંગીલા, દૌડ, સત્યા, કૌન, મસ્ત, જંગલ, કંપની, ભૂત અને આગ જેવી ફિલ્મોમાં કામ કર્યું. રામ ગોપાલ વર્માથી છૂટા પડ્યા બાદ ઉર્મિલાએ અમુક ઓફબીટ ફિલ્મો પણ કરવાની ટ્રાય કરી. તેમાં પિંજર અને મૈંને ગાંધી કો નહીં મારા જેવી ફિલ્મો સામેલ છે પણ ઉર્મિલાના પ્રયાસ અસફળ રહ્યા. આ ફિલ્મો ફ્લોપ રહી.

# રાજકોટ મહાપાલકાની ચૂંટણી માટે આપના ૨૦ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ બરાબર જામી ગયો છે. ત્યારે રાજકોટમાં પણ ચૂંટણીને લઈ તડામાર તૈયારી ચાલુ છે. આજે ભાજપે રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી માટે તમામ સીટ પર ઉમેદવાર જાહેર કર્યા, જેમાં ક્યાંક સંતોષ તો ક્યાંક અસંતોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ આમ આદમી પાર્ટીએ પણ મનપાની ચૂંટણીમાં જમ્પલાવ્યું છે. દિલ્હીના ઉપ મુખ્યમંત્રી ૭મીએ રાજકોટ ખાતે આવી રોડ શો પણ કરવાના વચ્ચે ત્યારે આજે આપે વધુ ૨૦ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આપના આગેવાન અજિત લોખીલ જણાવ્યું કે, રાજકોટ મનપાની ચૂંટણી માટે અત્યાર સુધીમાં આમ આદમી પાર્ટીના ૬૨ ઉમેદવાર જાહેર થઈ ગયા, આવતીકાલે અંતિમ ૧૦ ઉમેદવારોના નામ જાહેર થશે.

આમ આદમી પાર્ટી દ્વારા આજે જાહેર કરાયેલી યાદીમાં વોર્ડ ૧માં હંસાબેન સી. ઘમ્મર, વોર્ડ ૨માં અહમદભાઈ અબ્દુલભાઈ સંઘ, તુલજાબેન દોશી અને ઈલાભારતીબેન અંજારિયા, વોર્ડ ૩માં પ્રવિણચંદ્ર પી. ગજ્જર, વોર્ડ ૫માં પ્રતિકભાઈ કે. ગઢીયા, વોર્ડ ૬માં હાર્દિકભાઈ એ. ત્રપાસીયા, વોર્ડ ૮માં જાગૃતિબેન પરમાર, વોર્ડ ૯માં કેતનભાઈ એન. ગજ્જર તથા દર્શનાબેન એસ. રાવલ, વોર્ડ ૧૦માં મનોજકુમાર આર. કનેરિયા, ભાવનાબેન એન. ગજેરા અને રાજલબેન ગઢવી, વોર્ડ ૧૧માં મીનાબા રાજદિપસિંહ, વોર્ડ ૧૩માં કમલાબેન એચ. પરમાર, વોર્ડ ૧૪માં લાભુબેન એ.ચંધા, વોર્ડ ૧૫માં પ્રીતિમાબેન બી. કુમારખાણીયા અને રશ્મિબેન એ.વાગડિયા, વોર્ડ ૧૬માં રૌમાબેન અફઝલભાઈ અને ચંદ્રિકાબેન સી.ખુંટને આપે ઉમેદવાર ઘોષિત કર્યા છે.

# જૂના જોગીઓને ટિકિટ ન આપી નવા અને આયાતી ઉમેદવારોને પસંદ કરતા રાજકોટ ભાજપમાં ભડકો

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૪

રાજકોટ મહાનગરપાલિકા ની આવનારી ચૂંટણી માટે આજે ભાજપ હાઈ કમાન્ડ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવતા ભાજપના અનેક સિનિયર અને મહેનતુ કાર્યકરોમાં અસંતોષની જ્વાળા ભભૂકી ઉઠી છે. છેલ્લા બે ત્રણ દાયકાઓથી ભાજપ માટે લોહી પાણી રેડીને પરસેવો પાડનારા વોર્ડના સિનિયર કાર્યકરોની દાવેદારીને અવગણીને ભાજપમાં નવા ભળેલા અને ભૂતકાળમાં ભાજપને ગાળો ભાંડનારા લોકોને ટિકિટ ફાળવી દેવામાં આવતા સિનિયર કાર્યકરોમાં પક્ષની નીતિ અને રિતિ સામે ગણગણાટ શરૂ થઈ ગયો છે. કેટલાક કાર્યકરો મીડિયા અને પોતાના વર્તુળોમાં આ બાબતને લઈને ખુલ્લો અસંતોષ પ્રદર્શિત કરી રહ્યા છે. તો કેટલાક લોકો અન્ય પક્ષ કે અપક્ષ ઉમેદવારી કરવાની તૈયારીમાં લાગી ગયા છે. સમગ્ર રાજકોટના લગભગ તમામ વોર્ડમાં કાર્યકરોની ખુલી નારાજગી સામે આવી રહી છે ત્યારે અત્યાર સુધી મહાનગરપાલિકામાં ભાજપ એક તરફી ચૂંટણી જીતશે તેવી સંભાવનાઓ ઉપર બ્રેક લાગી હોય તેવું ચિત્ર આજે ઉપસ્યું છે. ભાજપના સ્થાનિક અને પ્રદેશ મવડીઓ દ્વારા જો આ અશંતોષની આગ પર ઠંડુ પાણી નહિ રેડવામાં આવે તો આવનારા દિવસોમાં આ આગ વધુ પ્રજ્વલિત થઈને આ ચુંટણી જંગને ભાજપ VS ભાજપના જંગમાં પરિવર્તિત કરી દે તો એ નવાઈની વાત નહિ ગણાય. ભાજપમાં ટિકિટ નહીં મળવાથી નારાજ થયેલ કાર્યકરો ભાજપ સાથે રહી તેના જ ઉમેદવારોને ઘર ભેગા કરવાના દાવપેચ વિચારતા થઈ ચૂક્યા હોય તેવું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. ભાજપની આજની યાદી જાહેર થયા બાદ લગભગ અદ્રશ્ય થઈ ચુકેલી કોંગ્રેસ ફરી બેઠી થાય તેવા સંજોગોનું નિર્માણ થયું છે. ભાજપના કાર્યકરોમાં વ્યાપેલા અસંતોષનો સીધો લાભ જો આમ આદમી પાર્ટી તરફ વળે તો રાજકોટ મહાનગરપાલિકાનો આ ચૂંટણી જંગ વધુ રોચક બનશે તે નિશ્ચિત છે.


શ્રી ઉમિયાજી પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**શ્રી ઉમિયાજી મહિલા કોલેજ –ધ્રોલ**

સ્ટેટ હાઇવે, બાવની નદી પાસે, ધ્રોલ જિ.- જામનગર, 361210

**નીચેના અભ્યાસક્રમ માટે વ્યાખ્યાતા જોઈએ છે.**

| વિભાગ | જગ્યાનો પ્રકાર | લાયકાત |
|---|---|---|
| બી.એસ.સી. | ગણિત વ્યાખ્યાતા - 1 | M.SC. (ગણિત) 55% |
| બી.બી.એ. | વ્યાખ્યાતા - 3 | M.B.A. 55% |
| બી.કોમ. | વ્યાખ્યાતા - 3 | M.Com. 55% |
| બી.સી.એ. | વ્યાખ્યાતા - 2 | M.C.A./ M.Sc. IT 55% |

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ – 15 માં લાયકાતના તમામ પ્રમાણપત્રોની નકલો તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે રજીસ્ટર એ.ડી. થી ઉપરોક્ત સરનામે અરજી મોકલવી.

શ્રી બી.જી. કાનાણી
અધ્યક્ષશ્રી શિક્ષણ સમિતિ
શ્રી ઉમિયાજી પરિવાર એજ્યુ. ટ્રસ્ટ-ધ્રોલ

શ્રી બી. એચ. ઘોડાસરા
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી ઉમિયાજી પરિવાર એજ્યુ. ટ્રસ્ટ-ધ્રોલ


# રાજકોટ બસ પોર્ટમાં બસની ઠોકરે સફાઈ કામદાર ઘવાયો



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૪

અહીં નવનિર્માણ પામેલ બસ મથક ખાતે પ્રવેશદ્વાર ખાતે જસદણ ડેપોની બસ નં. જી.જે. ૧૮ ઝેડ ની ઠોકરે ચડતા એસ.ટી. બસ મથકમાં કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતા સફાઈ કામદાર ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

નવા બસમથક ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા રાજેશ મંગાભાઈ વાઘેલા ઉ.વ. ૪૦ રહે. જામનગર રોડ, સ્લમ ક્વાટર્સવાળો યુવાન પ્રવેશના દરવાજે ચાલીને જતો હતો. ત્યારે ઉપરોક્ત બસના ચાલકે તેને હડફેટે લેતા બસની ઠોકર વાગતા પડી ગયેલ. સદનસિબે બસના પૈડામાંથી બચી જવા પામેલ પરંતુ આ યુવાનને ઈજાઓ થતા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા એ ડીવિઝન પોલીસના રાજેશ સોલંકીએ ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદના આધારે બસ ચાલક વિરૂદ્ધ ગુન્હો દાખલ કરી ધોરણસરની તપાસ હાથ ધરેલ છે.

# સોમવારથી સમગ્ર રાજ્યમાં ગાઈડલાઈન સાથે કોલેજના પ્રથમ વર્ષના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૪

કોરોના સંકટના કારણે રાજ્યની શાળા અને કોલેજો બંધ હતી. પરંતુ હવે કોરોનાના કેસમાં સતત નોંધપાત્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને લઈને શાળા અને કોલેજો ફરી શરૂ થઈ રહી છે. ત્યારે હવે કોલેજમાં પ્રથમ વર્ષના વર્ગો શરૂ કરાશે. જોકે શાળા-કોલેજોમાં કોવિડ ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ૮ ફેબ્રુઆરીથી કોલેજમાં પ્રથમ વર્ષના વર્ગો શરૂ કરવામાં આવશે. સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવાનું રહેશે. તો સાથે હોસ્ટેલમાં પણ એસઓપીનું પાલન કરવાનું રહેશે. હોસ્ટેલના એક રૂમમાં બે થી વધુ વિદ્યાર્થીઓ સાથે નહીં રહી શકે.



૧ ફેબ્રુઆરીથી રાજ્યમાં ધોરણ-૯ અને ૧૧ના વર્ગ શરૂ કરાયા હતા. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિત રાજ્યની શાળાઓમાં કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી વર્ગ શરૂ કરાયા હતા. જેમાં બાળકોની સુરક્ષાને લઈને પણ ખાસ ધ્યાન રખાઈ રહ્યું છે. ધોરણ-૯ના અંદાજે ૯થી ૧૦ લાખ અને ધોરણ ૧૧ના અંદાજે ૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ છે. અગાઉ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ ક્લાસ શરૂ કરવા મંજૂરી અપાઈ છે. જોકે ધોરણ ૬થી ૮ના વર્ગો શરૂ કરવા માટે વિચારણા ચાલુ છે.

તમામ સ્કૂલો બંધ હતી. પરંતુ હવે કોરોનાના કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને લઈ સ્કૂલો ફરી શરૂ થઈ રહી છે. સ્કૂલોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું . સ્કૂલ સંચાલકોએ વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવાનો રહેશે. સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે જો વર્ગખંડ નાનો પડે તો લાઈબ્રેરી કે લેબોરેટરીનો પણ ઉપયોગ કરી શકાય છે.

# સૌરાષ્ટ્રમાં વન વિભાગનું ત્રણ દિવસનું રેડ એલર્ટ

(જી.એન.એસ.)કચ્છ,તા.૪

સૌરાષ્ટ્રમાં સિંહના શિકારની ઘટના સામે આવતાં સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સિંહના શિકાર મામલે હવે સૌરાષ્ટ્રમાં વન વિભાગ દ્વારા ૩ દિવસનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અને વન વિભાગના ૧૩ ડિવિઝનમાં સઘન કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું છે. ગત રોજ એક વર્ષીય સિંહ ફાળ ફાસલામાં મળી આવ્યો હતો. જે મામલે વન વિભાગને ટીમે ૪ લોકોની ધરપકડ કરી સિંહબાળનું રેસ્ક્યૂ કર્યું હતું. સિંહબાળ ફાસલામાં ફસાવવા મામલે મોટો ઘટસ્ફોટ થયો છે. સિંહના શિકાર માટે ૬ જગ્યાઓએ ફાસલા ગોઠવવામાં આવ્યા હતા. વન વિભાગની ટીમે ૪ ફાસલા શોધી કાઢ્યા છે. જ્યારે હજુ બે ફાસલાની શોધખોળ ચાલુ છે. આ ઉપરાંત રેલવે સ્ટેશન, બસ સ્ટેશનો, ઝૂંપડાઓમાં પણ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અને દેશી દવા વેચતાં લોકોને ત્યાં પણ તપાસ થઈ રહી છે.










